ગુજરાતી જાણનારાઓ માટે

ધી સેલ્ફ ઈંગ્લિશ ટીચર—ભાગ ૧.

(એટલે શિક્ષકની મદદ વગર પોતાની મેળે ઇંગ્રેજી શિખવાની ચોપડી)

THE SELF ENGLISH TEACHER PART 1.

FOR STUDENTS AND OTHERS

IN GUJARATI AND ENGLISH.

([illegible] and [illegible] phrases to [illegible]
[illegible] without
the aid [illegible])



[illegible]

Revised and Enlarged
Fourteenth Edition.

BY

LATE NOWROSJEE DOSSABHOY CASHINATH.

PUBLISHED BY

PHEEROZE & CO.

C/o Messrs. JEHANGIR B. KARANI'S SONS.

[illegible] FORT, **BOMBAY.**

[illegible]

અગત્યની ખબર.

મરહુમ મી૦ નવરોજી દોસાભાઈ કાશીનાથનાં રચેલાં નીચલાં સર્વ પુસ્તકોનો છાપી પ્રગટ કરવાનો, તરજુમો કરવાને લગતો તેમજ બીજો સર્વ કૉપીરાઈટ તેમજ ગુડવીલ અમો નીચે સહી કરનાર **ફીરોજ એન્ડ કુ૦** એ મરહુમ મી૦ ખરશેદજી ડોસાભાઈ કાશીનાથના વહીવટદારો પાસે કાયદા પૂર્વક ખરીદ કીધો છેઃ—

ધી સૅલ્ફ ઇંગ્લીશ ટીચર ગુજરાતી–ઇંગ્લીશ ભાગ ૧ અને ૨
ધી સૅલ્ફ ઇંગ્લીશ ટીચર મરાઠી–ઇંગ્લીશ ભાગ ૧ અને ૨
ધી સૅલ્ફ ઇંગ્લીશ ટીચર હીંદી–ઇંગ્લીશ ભાગ ૧ અને ૨
ધી સૅલ્ફ ઇંગ્લીશ ટીચર ઉર્દુ–ઇંગ્લીશ ભાગ ૧ અને ૨
એન ઇઝી લેટર રાઇટર ગુજરાતી–ઇંગ્લીશ.
એન ઇઝી લેટર રાઇટર મરાથી–ઇંગ્લીશ.
એન ઇઝી લેટર રાઇટર હીંદી–ઇંગ્લીશ.
એન ઇઝી લેટર રાઇટર ઉર્દુ–ઇંગ્લીશ.
દુઃખનો તુરત વેળાનો ઉપાય અથવા ઘરનો છાલો પાલો.
એ પ્રાઈટ મરાથી ઇંગ્લીશ ડીક્ષનરી.
રૂની માહીતી.

હવેથી એ સર્વ પુસ્તકો અમો તરફથી ચાલુ પ્રગટ થતાં રહેશે. આશા છે કે પ્રજા તરફથી ઉપલાં ઉપયોગી પુસ્તકોને ચાલુ ઉત્તેજન મળશે.

તા૦ ૮ મી એપ્રીલ ૧૯૧૬. સેવકો,

ફીરોજ એન્ડ કું૦

ઉપલાં સર્વ પુસ્તકોનો કૉપીરાઇટ અને ગુડવીલના એકલા માલેકો.

☞ ઉપલાં સર્વ પુસ્તકો સંબંધી સર્વ પત્ર વહેવાર નીચલે સરનામે કરવો

મેસર્સ જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,

પારસી બજાર, કોટ, મુંબઈ.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૭૨૭૧ वर्गांक

पुस्तकनुं नाम सेल्फ इंग्लिश टीचर-૧

विषय ૭૧૧૧

ગુજરાતી જાણનારાઓ માટે.

ધી સેલ્ફ ઈંગ્લિશ ટીચર–ભાગ ૧ લો

(એટલે શિક્ષકની મદદ વગર પોતાની મેળે ઈંગ્રેજી શીખવાની ચોપડી.)

વિદ્યાર્થીઓ અને બીજાઓ માટે
ગુજરાતી અને ઈંગ્રેજીમાં.

એમાં જુદી જુદી બાબદોનાં ઈંગ્રેજી વાક્યો તેનો ગુજરાતી તરજુમો તથા ઉચ્ચાર તેમજ દરેક વાક્યોમાં આવેલા ઈંગ્રેજી શબ્દોના ગુજરાતી અર્થ અને ઉચ્ચાર, તથા વાક્યો ગોઠવવાની સેહલી સમજણો, હંમેશ વપરાસમાં આવતી ચીજોનાં નામો, તાર તથા ઈંગ્રેજીમાં ટુંકી ચીઠીઓ લખવાના નમુના ગુજરાતી તરજુમા સાથે, વગેરે આપવામાં આવ્યું છે.

ભાગ પેહલો.

આવૃતી ચૌદમી.

રચનાર,

મરહુમ નવરોજી દોસાભાઈ કાશીનાથ,

તે ધી સેલ્ફ ઈંગ્લિશ ટીચર, ગુજરાતી, મરાઠી, હીંદી, અને ઉરદુ, ભાગ પેહલો તથા બીજો; એ કમ્પલીટ હજી લેટર રાઈટર ગુજરાતી, હિન્દી, મરાઠી તેમજ દુઃખનો તુરત વેળાનો ઉપાય વગેરેના કર્તા.

કીંમત રૂપીઆ ૧ા

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૭૨૬૧

Registered for Copy-right under the Government of India's Act XXXV. of 1867.

આ પુસ્તક સંબંધી તમામ હક સરકારના સને ૧૮૬૭ ના ૨૫ માં કાયદા મુજબ નોંધાવેલા છે.

The right of translation and all other rights reserved by the Publishers, **PHEEROZE & Co.**

" ધી સૅલ્ફ ઇંગ્લિશ ટીચર " ભાગ પહેલો અને બીજાનાં તેમજ મરહુમ ન. ડો. કાશીનાથ અને ખ. ડો. કાશીનાથનાં રચેલાં સર્વે પુસ્તકોનો કૉપી-રાઇટના એકલા માલેકો, ફીરોઝ એન્ડ કું૦ છે.

☞ આ ચોપડી દેશાવરથી મંગાવનારે નીચલે ઠેકાણે લખવું:—

જેહાંગીર બી. કરાણીના છોકરાઓ,

પારસી બજાર, કોટ, મુંબઇ.

Published by P. C. Appoo and M. J. Karani, Parsi Bazar, Fort, Bombay.

Printed by P. C. Appoo, at The New Art Printing Press,
No. 13, Nanabhoy Lane, Fort, BOMBAY.

દીબાચો.

(અસલ આવૃતીનો)

ઇંગ્રેજી બીલકુલ નહીં જાણનારા, પરચુટણ ધંધાદારીઓ, તેમજ શરૂઆતથી અંગ્રેજી શિખનારા વિધ્યાર્થીઓ અને બીજાઓ માટે પોતાની મેળે ઇંગ્રેજીમાં વાત કરતાં જલદી શિખવા માટે **ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર** નામની ચોપડી જ્યારે બાહેર પાડી ત્યારે એટલોબી ખ્યાલ નહીં હતો કે એની આવૃત્તિઓ ઉપર આવૃત્તિઓ નિકળશે અને ટુંક વખતમાં હજારો નકલો ખપશે અને એનો બીજો ભાગ પણ કાઢવો પડશે. ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર મરાઠી, હીંદી, અને ઉરદુ ભાષા જાણનારાઓ માટે, તે, મરાઠી,–ઇંગ્રેજી, હીંદી–ઇંગ્રેજી અને ઉરદુ–ઇંગ્રેજીમાં પણ પ્રગટ થઈ છે અને તેની પણ આવૃત્તિઓ નિકળતીજ જાય છે, તથા પુશકલ તારીફો ઉપર તારીફો થવા સાથ હજારો નકલો ખપી ગઇ છે. એ ઉપરથી વિચારવાનું છે કે ગુજરાતી, મરાઠી, હીંદી, અને ઉર્દુ ભાષા જાણનારાઓને પોતાની મેળે પોતાના કામકાજ જોગું ઇંગ્રેજીનું જ્ઞાન આ ચોપડીથી ઘણા થોડા વખતમાં, થોડી મહેનતે અને થોડે ખરચે મળી શકે છે, જેવું એવી બીજી કોઇ ચોપડીમાંથી મળી શકતું નથી. તેથીજ એની હજારો નકલો ખપે છે અને જેમ જેમ લોકો એની તારીફો સાંભળે છે, અને જેમ જેમ એ લોકોની જાણમાં આવતી જાય છે તેમ એનો ચાલુ મોટો ખપ વધ્યો જાય છે.

અને એના જે અનેક ભાષાઓમાં તરજુમા થયા છે, એજ એનાં ઉપયોગીપણાની પુરતી સાબેતી છે જેથી આશા છે કે આવી ઉપયોગી ચોપડીનો ફેલાવો કરવામાં સર્વે સજજનો બનતી મદદ કરવાને ચુકશે નહીં.

આ ચોપડી તથા એના પ્રુફ મી૦ કુંવરજી નવરોજી વાડીઆ એમ. એ. જેએ:એ તપાસવા માટે જે મેહનત લીધી છે તે માટે હું તેમનો ઉપકાર માનું છું.

ન૦ દો૦ કાશીનાથ,
કર્તા.

ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર માટે,

ગવરમેન્ટ ગેઝેટ, બોંબે ગેઝેટ તથા ગુજરાતી પેપરવાળાઓનાં મતો.

Government Gazette, 23rd March 1896

The Self English Teacher.—for Students and others. In Gujarati and English (Being a collection of words and phrases to enable a beginner to learn English without the aid of a tutor.)

Intended as an aid to teachers or to those who wish to learn English without the aid of a teacher: A work in progress.

The Bombay Gazette, Tuesday, March 21st 1899.

The Self English Teacher.—This is the title of a book recently published by Mr. Nowrojee Dossabhoy Cashinath for the benefit of that class of Gujerati speaking people who come in frequent contact with Europeans on business matters as well as in other walks of life and find it difficult to express themselves in English owing to their deficient knowledge of the language. Besides supplying this much felt want, the book aims at rendering help to students of English to a certain extent. It contains a pretty large collection of Gujarati words and phrases with their English equivalents in Roman and Gujerati characters and the different lessons have been so arranged that any one, if so inclined can manage without the aid of a teacher or even the knowledge of English orthography to pick up an amount of English sufficient for his daily wants. No pains appear to have been spared by the author for making the book as useful and instructive as possible, and he will, no doubt, succeed in securing the support and encouragement which he deserves.

રાજ પત્રિકા.

ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર ભાગ ૧ લો. ઉપલા નામવાળું પુસ્તક તેના કર્તા મી૦ નવરોજી ડોસાભાઇ કાશીનાથ તરફથી અભિપ્રાય માટે મલ્યું તેની પહોંચ ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે. આ પુસ્તક વિદ્યાર્થીંઓ તથા અંગ્રેજી નહિ જાણનારા ધંધા રોજગારમાં રોકાયલા માણસો જેઓ અંગ્રેજી પોતાની મેળે ઘર આગળ કોઇની મદદ વગર શીખવા ઇચ્છતા હોય તેમને અવસ્ય કરીને ઘણુંજ ઉપયોગી થઇ પડે તેવું છે. તેમજ વળી આ પુસ્તક અંગ્રેજી વાતચીતમાં સાધારણ રીતે વપરાતા ટુંકા વાક્યો આપેલા હોવાથી તે યાદ રાખનારાઓને ઘણોજ લાભ

મળી શકે તેવાં છે. આ જાતનું એક પણ પુસ્તક અત્યાર સુધીમાં બહાર નહીં પડેલું હોવાથી આ પુસ્તક ખરેખર લાંબા વખતની ખોટ પુરી પાડે છે. ચોપડીનું કદ જોતાં કીંમત રૂ. ૧) કાંઇ વધારે નથી.

સયાજી વિજય.

ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર કોઇ પણ માણસથી વગર માસ્તરે અંગ્રેજી બોલતા વાંચતાં તથા લખતાં શીખી શકાય તે માટે આ પુસ્તક છે. દરેક માણસને હાલ વેપાર ધંધામાંજ નહીં પણ મુસાફરીમાં યા તો બાહારગામથી આવતા તારો કાગળો વગેરે વાંચવા અંગ્રેજી જ્ઞાનની જરૂર છે. ઘણી ખરી નોકરીઓમાં પણ સાધારણ અંગ્રેજી જ્ઞાનની જરૂર પડે છે, એ રીતે અંગ્રેજી શીખવાની જરૂર સર્વને હાલ જણાવવા લાગી છે; નાની ઉંમરના છોકરાઓ તો સ્કુલમાં તે કેળવણી લઇ શકે પણ મોટી ઉમરના વેપારીઓ, નોકરોથી કંઇ નીશાળમાં જવાતું નથી અને નીશાળમાં પણ જવાથી ૪-૬ માસમાં તે આવડતું નથી. વળી કેટલાક ગામોમાં અંગ્રેજી સ્કુલો તો શું પણ કોઇ અંગ્રેજી ભણેલો એક શખ્સ પણ હોતો નથી કે તેની પાસે જઇ શકાય. આ સર્વ કારણો લક્ષમાં રાખી મી૦ નવરોજીએ પોતાનું આ પુસ્તક થોડા વખત ઉપર બાહાર પાડયું હતું. આ પુસ્તકનો પહેલો ભાગ લોકમાં એટલો બધો લોકપ્રિય તથા ઉપયોગી થઇ પડયો છે કે તેના આજ સુધીમાં ૫ આવૃતી ૨૦૦૦૦ નકલો ખપી ગઇ છે એટલુંજ નહીં પણ તેથી તેના કરતાએ વળી વધુ ઉપયોગી એવો તેનો બીજો ભાગ પણ બહાર પાડયો છે, ગુજરાતી ભાષા જાણનાર ઘણાઓ ફક્ટ આ પુસ્તકની મદદ વડે ટુંક વખતમાં અંગ્રેજી બોલતાં વાંચતાં લખતાં શીખ્યા છે. એટલુંજ નહી પણ પોતાનો વેપાર તથા વેપાર સંબંધી પણ પત્ર વ્યવહાર પણ ચલાવે છે. તે એવું ઉપયોગી પુસ્તક હોવા ઉપરાંત કદમાં પણ ઘણું દલદાર છે છતાં તેની કી૦ ફક્ટ રૂ. ૧) છે. પુરૂશો ઉપરાંત ગુજરાતી કેળવણી લીધેલી સ્ત્રીઓને પણ અંગ્રેજી જ્ઞાન મેલવવાને તે એક ઉત્તમ પુસ્તક છે.

સુરા તા૦ ૨૫-૬-૯.

જત તમોએ મોકલેલી ત્રણ ચોપડીઓ હમોને પોહોતી છેજી, હમોને ઘણીજ પસંદ પડી છે એ ચોપડીઓ જોતાં એની કીમત કાંઇ બીસાદમાં નથી તે માટે તમારો મોટો ઉપકાર માન્યે છીએ. એ ચોપડીઓને માટે હમે બીજાઓને ભલામન કરશુંજી.

ચોપડીઓના નામ. { ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર ભાગ પહેલો તથા બીજો,
એ કમ્પલીટ ઇંગ્લીશ ટ્રાન્સલેટર રાઇટર.

લા૦ ફુઆગો, સેવક,

જમશેદજી બી. બાટલીવાલાની સલામ સાથે.

સુરા જુટ મીલ, કલકત્તા.

સાંકળીયું.

શિખનારને સુચના.

જો ઇંગ્રેજી શિખનારની મરજી પેહેલાં ઇંગ્રેજીમાં ફક્ત વાતચીત કરતાંજ શિખવવાની હોય, તો તેને ઇંગ્રેજી શબ્દોનાં અર્થ અને ઉચ્ચાર બરોબર મોઢે કરવા. "spell" (સ્પેલ) જોડણી કરતાં શિખવાની પણ અગત્ય છે, અને ત્યાર પછી વાકયોનો તરજુમો અને ઉચ્ચાર બરોબર મોઢે કરવા, જેથી ઇંગ્રેજીમાં વાત કરતાં શિખી શકાશે.

પણ જેને ઇંગ્રેજી લખતાં, વાંચતાં અને બોલતાં શિખવું હોય તેણે પેહેલાં ઇંગ્રેજી મુળાક્ષરો એ, બી, સી, ડી, બોલતાં અને ઓળખતાં શિખવું, અને ત્યાર પછી શબ્દની જોડણી, ઉચ્ચાર અને અર્થ બરોબર મોઢે કરવા, અને ત્યાર પછી ઇંગ્રેજી વાકયમાં જોઇ તે વાંચતાં શિખવું અને તેનો ગુજરાતી તરજુમો કરતા જવું. અને તે વાકયો કાગળ ઉપર ઇંગ્રેજીમાં લખતા જવું કે જેથી "spell (સ્પેલ) જોડણી" કરવામાં ભૂલ હશે તો તરત માલમ પડશે.

☞ શિખનારે બીલકુલ ઉતાવળ કરવી નહીં પણ જોડણી ઉચ્ચાર અને અર્થ પાકકા મોઢે કરવા. શબ્દના અર્થ અને ઉચ્ચાર પેહેલાંથી પાકકા શિખશો તો આગળ જતાં ઘણું સેહેલ થઈ પડશે અને થોડાજ વખતમાં અભ્યાસ પાકકો થશે.

આ ચોપડીમાં જે ઇંગ્રેજી શબ્દો પેહેલાં આવી ગયા છે, તે શબ્દો ફરીથી વાકયમાં આવવાથી પાછા આપ્યા નથી. જેથી ફરીથી વાકયમાં તે શબ્દ આવ્યો અને જો શિખનાર તે ભુલી ગયો હોય તો આગલાં પાણાંઓમાંથી જોઈ કાઢવો.

તેમજ કેટલાક ઇડયોમેટીક વાકયો માહેલા શબ્દો કે જેને છુટા પાડયાથી તેનો બરોબર અર્થ થતો નથી તેવી તે વાકયની મતલબ સમજીને ધ્યાનમાં રાખવું.

વળી આ ચોપડીમાંના વાકયોમાં કેટલેક ઠેકાણે ચોપડી, પેન, ટોપી વગેરે નામો છે તે કાળા ટાઇપમાં છે ત્યાં તેને બદલે તેને લગતું બીજું કોઇ નામ મુકી શકાય છે. જયાં માણસ કે ગામનું નામ હોય તેને તમને જોઇએ તે માણસનું કે ગામનું નામ લગાડવું, તેમજ જયાં સંખ્યા તથા વખત બતાવ્યો છે ત્યાં પણ જોઇની સંખ્યા અથવા વખત લગાડવો તેમજ જયાં ઘોડો કુત્રો વગેરે જનાવરનું નામ હોય, તેને બદલે બીજું કોઈ જનાવરનું નામ મુકી શકાય છે, તેમજ **બાપ, કાકો, કાકી**, એને બદલે બીજા કોઇ સગાંનું નામ મુકી શકાય છે. તેથી જયારે એવાં વાકયો આવે ત્યારે તેમાં જોઇતું નામ મુકી ફેરફાર કરીને બોલવું.

ધી સેલ્ફ ઈંગ્લિશ ટીચર—ભાગ ૧ લો.

THE SELF ENGLISH TEACHER-PART 1.

FOR

STUDENTS AND OTHERS

IN GUJARATI AND ENGLISH.

Being a Collection of words and phrases to enable a beginner to learn English without the aid of a tutor.

The **Alphabet** (ધિ આલફાબેટ) મૂળાક્ષરો.

છાપેલું વાંચવાના મોટા નાના અક્ષરો.

A a એ	B b બી	C c સી
D d ડી	E e ઇ	F f એફ
G g જી	H h એચ	I i આઇ
J j જે	K k કે	L l એલ
M m એમ	N n એન	O o ઓ
P p પી	Q q ક્યુ	R r આર
S s એસ	T t ટી	U u યુ
V v વી	W w ડબલ્યુ	X x એક્સ
	Y y વાય	Z z ઝેડ

The Alphabet (ધિ આલ્ફાબેટ) મૂળાક્ષરો.

લખવાના મોટા અને નાના અક્ષરો.

A	*a*	એ	*B*	*b*	બી	*C*	*c*	સી
D	*d*	ડી	*E*	*e*	ઈ	*F*	*f*	ઍફ
G	*g*	જી	*H*	*h*	ઍચ	*I*	*i*	આઇ
J	*j*	જે	*K*	*k*	કે	*L*	*l*	ઍલ
M	*m*	ઍમ	*N*	*n*	ઍન	*O*	*o*	ઓ
P	*p*	પી	*Q*	*q*	ક્યુ	*R*	*r*	આર
S	*s*	ઍસ	*T*	*t*	ટી	*U*	*u*	યુ
V	*v*	વી	*W*	*w*	ડબલ્યુ	*X*	*x*	ઍક્સ
Y	*y*	વાય	*Z*	*z*	ઝેડ			

ઇંગ્રેજી આંકડા.

1	2	3	4	5	6	7	8	9	10
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦

ઇંગ્રેજી મૂળાક્ષરો જોડીને નામ, ગાંમ, ઠેકાણું વગેરે લખવાની સમજણ.

આગળ જે ચાર જાતના મૂળાક્ષરો આપ્યા છે, તેમાં પેહલા બે જાતના અક્ષરો ફક્ત છાપેલું વાંચવામાં વપરાય છે, અને બીજા બે જાતનાં પત્ર-વહેવારમાં વગેરે લખવામાં વપરાય છે. એમાં પહેલા અક્ષરો "કેપીટલ" (મોટા) કહેવાય છે. અને તેની પાસેના અક્ષરો "સ્મૉલ" (નાના) કહેવાય છે. વાકય, વિશેષ નામ, સ્થળ, દિવસ, મહિના, ભાષા, કવિતા, પરમેશ્વર નામ વગેરેમાં પેહેલો અક્ષર "કૅપિટલ" (મોટો) વપરાય છે, અને ત્યાર પછી બાકીના બીજા "નાના" અક્ષરો વપરાય છે.

જેમકે—Dog, Cap, Rama, Poona, Surat, God એમાં દરેક પેહલો "કેપીટલ" (મોટો) છે અને બાકીના બીજા જોડેલા અક્ષરો "નાના" છે. ☞ શિખનારે ધ્યાનમાં રાખવાનું એટલુંજ છે કે "કેપીટલ" (મોટા) અક્ષરો એક બીજા સાથે જોડીને લખાતા નથી; પણ નાના અક્ષરો હમેશાં જોડીનેજ લખાય છે.

છાપેલા અક્ષરોનો નમુનો. Bombay.

લખવાના ,, ,, *Bombay.*

માણસનાં નામ, ગામનાં નાંમ, ઠેકાણાં વગેરે લખતાં શિખવા માટે ગુજરાતી મૂળાક્ષરો તથા બારાખડી નીચે આપ્યા છે, તે પ્રમાણે અક્ષરો જોઇ ઇંગ્રેજીમાં નામની જોડણી કરવી. નામ અને ગામની જોડણી ઇંગ્રેજીમાં એકજ રીતે થતી નથી, પણ કેટલાકો બીજી રીતે પણ કરે છે, જેથી ઉચ્ચાર બરાબર થઇ શકે એવી રીતે અક્ષરોની જોડણી કરવી. જેમકે:—

Rama રામ	Ra-ma રા-મા	Janu જાનુ	Ja-nu જા-નુ
Sitaram સીતારામ	Si-ta-ram સી-તા-રામ	Ranoo રાનુ	Ra-noo રા-નુ
Thana થાના	Tha-na થા-નાં	Navsari નવસારી	Nav-sa-ri નવ-સા-રી

એ પ્રમાણે ધ્યાન આપવાથી નામ, સરનામાં, વગેરેની જોડણી શિખવાનું ઘણું સેહેલું થઇ પડશે.

ગુજરાતી મુળાક્ષરો તેની ઈંગ્રેજી જોડણી સાથે.

a	a	i	ee	u	oo	e	ai	o	au	am	ah
અ	આ	ઇ	ઈ	ઉ	ઊ	એ	ઐ	ઓ	ઔ	અં	અઃ
ka	kha	ga	gha	gna	cha	chha	ja	zha or	jha	ta	tha
ક	ખ	ગ	ઘ	ઙ	ચ	છ	જ	ઝ	ઞ	ટ	ઠ
da	dha	na	ta	tha	da	dha	na	pa	pha	ba	bha
ડ	ઢ	ણ	ત	થ	દ	ધ	ન	પ	ફ	બ	ભ
ma	ya	ra	la	va or wa	sha	shha	sa	ha	la	ksha	dnya
મ	ય	ર	લ	વ	શ	ષ	સ	હ	ળ	ક્ષ	જ્ઞ

ગુજરાતી બારાખડી તેની ઈંગ્રેજી જોડણી સાથે.

ka	kâ	ki	kî	ku	kû	ke	kai	ko	kau	kam	kah
ક	કા	કિ	કી	કુ	કૂ	કે	કૈ	કો	કૌ	કં	કઃ
kha	khâ	khi	khî	khu	khû	khe	khai	kho	khau	kham	khah
ખ	ખા	ખિ	ખી	ખુ	ખૂ	ખે	ખૈ	ખો	ખૌ	ખં	ખઃ
ga	gâ	gi	gî	gu	gû	ge	gai	go	gau	gam	gah
ગ	ગા	ગિ	ગી	ગુ	ગૂ	ગે	ગૈ	ગો	ગૌ	ગં	ગઃ
gha	ghâ	ghi	ghî	ghu	ghû	ghe	ghai	gho	ghau	gham	ghah
ઘ	ઘા	ઘિ	ઘી	ઘુ	ઘૂ	ઘે	ઘૈ	ઘો	ઘૌ	ઘં	ઘઃ
cha	châ	chi	chî	chu	chû	che	chai	cho	chau	cham	chah
ચ	ચા	ચિ	ચી	ચુ	ચૂ	ચે	ચૈ	ચો	ચૌ	ચં	ચઃ
chha	chhâ	chhi	chhî	chhu	chhû	chhe	chhai	chho	chhau	chham	chhah
છ	છા	છિ	છી	છુ	છૂ	છે	છૈ	છો	છૌ	છં	છઃ
ja	jâ	ji	jî	ju	jû	je	jai	jo	jau	jam	jah
જ	જા	જિ	જી	જુ	જૂ	જે	જૈ	જો	જૌ	જં	જઃ
jha	jhâ	jhi	jhî	jhu	jhû	jhe	jhai	jho	jhau	jham	jhah
ઝ	ઝા	ઝિ	ઝી	ઝુ	ઝૂ	ઝે	ઝૈ	ઝો	ઝૌ	ઝં	ઝઃ

ta	tâ	ti	tî	tu	tû	te	tai	to	tau	tam	tah
ટ	ટા	ટિ	ટી	ટુ	ટૂ	ટે	ટૈ	ટો	ટૌ	ટં	ટઃ
tha	thâ	thi	thî	thu	thû	the	thai	tho	thau	tham	thah
ઠ	ઠા	ઠિ	ઠી	ઠુ	ઠૂ	ઠે	ઠૈ	ઠો	ઠૌ	ઠં	ઠઃ
da	dâ	di	dî	du	dû	de	dai	do	dau	dam	dah
ડ	ડા	ડિ	ડી	ડુ	ડૂ	ડે	ડૈ	ડો	ડૌ	ડં	ડઃ
dha	dhâ	dhi	dhî	dhu	dhû	dhe	dhai	dho	dhau	dham	dhah
ઢ	ઢા	ઢિ	ઢી	ઢુ	ઢૂ	ઢે	ઢૈ	ઢો	ઢૌ	ઢં	ઢઃ
na	nâ	ni	nî	nu	nû	ne	nai	no	nau	nam	nah
ણ	ણા	ણિ	ણી	ણુ	ણૂ	ણે	ણૈ	ણો	ણૌ	ણં	ણઃ
ta	tâ	ti	tî	tu	tû	te	tai	to	tau	tam	tah
ત	તા	તિ	તી	તુ	તૂ	તે	તૈ	તો	તૌ	તં	તઃ
tha	thâ	thi	thî	thu	thû	the	thai	tho	thau	tham	thah
થ	થા	થિ	થી	થુ	થૂ	થે	થૈ	થો	થૌ	થં	થઃ
da	dâ	di	dî	du	dû	de	dai	do	dau	dam	dah
દ	દા	દિ	દી	દુ	દૂ	દે	દૈ	દો	દૌ	દં	દઃ
dha	dhâ	dhi	dhî	dhu	dhû	dhe	dhai	dho	dhau	dham	dhah
ધ	ધા	ધિ	ધી	ધુ	ધૂ	ધે	ધૈ	ધો	ધૌ	ધં	ધઃ
na	nâ	ni	nî	nu	nû	ne	nai	no	nau	nam	nah
ન	ના	નિ	ની	નુ	નૂ	ને	નૈ	નો	નૌ	નં	નઃ
pa	pá	pi	pî	pu	pú	pe	pai	po	pau	pam	pah
પ	પાં	પિ	પી	પુ	પૂ	પે	પૈ	પો	પૌ	પં	પઃ
pha	phâ	phi	phî	phu	phû	phe	phai	pho	phau	pham	phah
ફ	ફા	ફિ	ફી	ફુ	ફૂ	ફે	ફૈ	ફો	ફૌ	ફં	ફઃ
ba	bâ	bi	bî	bu	bú	be	bai	bo	bau	bam	bah
બ	બા	બિ	બી	બુ	બૂ	બે	બૈ	બો	બૌ	બં	બઃ

bha	bha	bhi	bhi	bhu	bhu	bhe	bhai	bho	bhau	bham	bhah
ભ	ભા	ભિ	ભી	ભુ	ભૂ	ભે	ભૈ	ભો	ભૌ	ભં	ભઃ
ma	ma	mi	mi	mu	mu	me	mai	mo	mau	mam	mah
મ	મા	મિ	મી	મુ	મૂ	મે	મૈ	મો	મૌ	મં	મઃ
ya	ya	yi	yi	yu	yu	ye	yai	yo	yau	yam	yah
ય	યા	યિ	યી	યુ	યૂ	યે	યૈ	યો	યૌ	યં	યઃ
ra	ra	ri	ri	ru	ru	re	rai	ro	rau	ram	rah
ર	રા	રિ	રી	રુ	રૂ	રે	રૈ	રો	રૌ	રં	રઃ
la	la	li	li	lu	lu	le	lai	lo	lau	lam	lah
લ	લા	લિ	લી	લુ	લૂ	લે	લૈ	લો	લૌ	લં	લઃ
va	va	vi	vi	vu	vu	ve	vai	vo	vau	vam	vah
વ	વા	વિ	વી	વુ	વૂ	વે	વૈ	વો	વૌ	વં	વઃ
sha	sha	shi	shi	shu	shu	she	shai	sho	shau	sham	shah
શ	શા	શિ	શી	શુ	શૂ	શે	શૈ	શો	શૌ	શં	શઃ
shha	shha	shhi	shhi	shhu	shhu	shhe	shhai	shho	shhau	shham	shhah
ષ	ષા	ષિ	ષી	ષુ	ષૂ	ષે	ષૈ	ષો	ષૌ	ષં	ષઃ
sa	sa	si	si	su	su	se	sai	so	sau	sam	sah
સ	સા	સિ	સી	સુ	સૂ	સે	સૈ	સો	સૌ	સં	સઃ
ha	ha	hi	hi	hu	hu	he	hai	ho	hau	ham	hah
હ	હા	હિ	હી	હુ	હૂ	હે	હૈ	હો	હૌ	હં	હઃ
la	la	li	li	lu	lu	le	lai	lo	lau	lam	lah
ળ	ળા	ળિ	ળી	ળુ	ળૂ	ળે	ળૈ	ળો	ળૌ	ળં	ળઃ
ksha	ksha	kshi	kshi	kshu	kshu	kshe	kshai	ksho	kshau	ksham	ksha
ક્ષ	ક્ષા	ક્ષિ	ક્ષી	ક્ષુ	ક્ષૂ	ક્ષે	ક્ષૈ	ક્ષો	ક્ષૌ	ક્ષં	ક્ષઃ
dnya	dnyâ	dnyi	dnyi	dnyu	dnyú	dnye	dnyai	dnyo	dnyau	dnyam	dnyah
જ્ઞ	જ્ઞા	જ્ઞિ	જ્ઞી	જ્ઞુ	જ્ઞૂ	જ્ઞે	જ્ઞૈ	જ્ઞો	જ્ઞૌ	જ્ઞં	જ્ઞઃ

સંખ્યા.

☞ શરૂઆતમાં શિખનારને જોડણી કરવી ભારી પડશે માટે પેહેલાં ફક્ત સંખ્યા બોલતાં શિખવું.

એક	One	(વન)
બે	Two	(ટૂ)
ત્રણ	Three	(થ્રી)
ચાર	Four	(ફોર)
પાંચ	Five	(ફાઇવ)
છ	Six	(સિક્સ)
સાત	Seven	(સૅવન)
આઠ	Eight	(એઇટ)
નવ	Nine	(નાઇન)
દશ	Ten	(ટૅન)
અગીયાર	Eleven	(ઇલૅવન)
બાર	Twelve	(ટ્વૅલ્વ)
તેર	Thirteen	(થર્ટીન)
ચઉદ	Fourteen	(ફોર્ટીન)
પંદર	Fifteen	(ફીફ્ટીન)
સોળ	Sixteen	(સિક્સટીન)
સત્તર	Seventeen	(સૅવનટીન)
અઢાર	Eighteen	(એઇટીન)
ઓગણીસ	Nineteen	(નાઇનટીન)
વીસ	Twenty	(ટ્વૅન્ટી)
એકવીસ	Twenty one	(ટ્વૅન્ટી વન)
બાવીસ	Twenty two	(ટ્વૅન્ટી ટૂ)
તેવીસ	Twenty three	(ટ્વૅન્ટી થ્રી)
ચોવીસ	Twenty four	(ટ્વૅન્ટી ફોર)
પચીસ	Twenty five	(ટ્વૅન્ટી ફાઇવ)
છવીસ	Twenty six	(ટ્વૅન્ટી સિક્સ)
સત્તાવીસ	Twenty seven	(ટ્વૅન્ટી સૅવન)
અઠાવીસ	Twenty eight	(ટ્વૅન્ટી એઇટ)
ઓગણત્રીસ	Twenty nine	(ટ્વૅન્ટી નાઇન)
ત્રીસ	Thirty	(થર્ટી)
એકત્રીસ	Thirty one	(થર્ટી વન)
બત્રીસ	Thirty two	(થર્ટી ટૂ)
તેત્રીસ	Thirty three	(થર્ટી થ્રી)
ચોત્રીસ	Thirty four	(થર્ટી ફોર)
પાંત્રીસ	Thirty five	(થર્ટી ફાઇવ)

છત્રીસ Thirty Six (થર્ટી સિક્સ)
સાડત્રીસ Thirty seven (થર્ટી સેવન)
આડત્રીસ Thirty eight (થર્ટી એઇટ)
ઓગણચાળીસ Thirty nine. (થર્ટી નાઇન)
ચાળીસ Forty (ફૉર્ટી)
એકતાળીસ Forty one (ફૉર્ટી વન)
બેંતાળીસ Forty two (ફૉર્ટી ટૂ)
તેંતાળીસ Forty three (ફૉર્ટી થ્રી)
ચુંમાળીસ Forty four (ફૉર્ટી ફોર)
પીસતાળીસ Forty five (ફૉર્ટી ફાઇવ)
છેંતાળીસ Forty six (ફૉર્ટી સિક્સ)
સુડતાળીસ Forty Seven (ફૉર્ટી સેવન)
ઉડતાળીસ Forty eight (ફૉર્ટી એઇટ)
ઓગણપચાસ Forty nine (ફૉર્ટી નાઇન)
પચાચ Fifty (ફીફ્ટી)
એકાવન Fifty one (ફીફ્ટી વન)
પંચાવન Fifty five (ફીફ્ટી ફાઇવ)
સાઠ Sixty (સિક્સ્ટી)
સીત્તેર Seventy (સૅવન્ટી)
એંસી Eighty (એઇટી)
નેવું Ninety (નાઇનટી)
સો Hundred (હન્ડ્રેડ)
બસો Two hundred (ટૂ હન્ડ્રેડ)
ત્રણસો Three hundred (થ્રી હન્ડ્રેડ)
ચારસો Four hundred (ફોર હન્ડ્રેડ)
પાંચસો Five hundred (ફાઇવ હન્ડ્રેડ)
હજાર Thousand (થાઉઝન્ડ)
દશ હજાર Ten thousand (ટેન થાઉઝન્ડ)
લાખ Lac (લૅક)
દશ લાખ Million (મીલીઅન)
કરોડ Ten millions (ટૅન મીલીઅન્સ)
દશ કરોડ Hundred millions (હન્ડ્રેડ મીલીઅન્સ)
અબજ Billion (બિલિયન)

શબ્દો અને નાહનાં વાક્યો.

એક વચન.		બહુ વચન.	
હું	I (આઇ)	અમે	We(ઉવી)
તું	Thou(ધાઉ)	તમે	You (યુ)
તે	He (હી)	તેઓ (અથવા) તેણીઓ	they (ધે)
તેણી	She (શી)		

મને Me (મી)	તેઓનો, તેઓની, તેઓનું Their (ધેર) Theirs (ધેર્સ)
મારો, મારી, મારૂં My (માઇ) Mine (માઇન)	તમને You (યુ)
અમારો, અમારી, અમારૂં, આપણો; આપણી, આપણું, Our (અવર) Ours(અવર્સ)	તેને Him (હીમ)
	અમને, આપણને Us (અસ)
	તેઓને Them (ધેમ)
તમારો, તમારી, તમારૂં, Your (યૉર) Yours(યૉર્સ)	તેણીને Her (હર)
	તેણીનો, તેણીની, તેણીનું, Her (હર) Hers (હર્સ)
તેનો, તેની, તેનું His (હીઝ)	

અને And (ઍન્ડ)

તમે અને હું	You and I	(યુ ઍન્ડ આઇ)
તે અને હું	He and I	(હી ઍન્ડ આઇ)
અમે અને તે	We and he	(ઉવી ઍન્ડ હી)
તે અને તેણી	He and she	(હી ઍન્ડ શી)
તે તેણી અને તેઓ	He, she and they	(હી, શી ઍન્ડ ધે)
તે, તેણી અને અમે	He, she and we	(હી, શી ઍન્ડ ઉવી)
મને અને તમને	Me and you	(મી ઍન્ડ યુ)
તેને અને અમને	Him and us	(હીમ ઍન્ડ અસ)
તેણીને અને તેઓને	Her and them	(હર ઍન્ડ ધેમ)
તેનુ અને મારૂં	His and my	(હીઝ ઍન્ડ માઇ)
તમારૂં અને અમારૂં	Your and our	(યૉર ઍન્ડ અવર)
તેણીનું અને તેઓનું	Her and their	(હર ઍન્ડ ધેર)

આપો Give (ગીવ)
ચોપડી Book (બુક)
કહો Tell (ટેલ)
પુછો Ask (આસ્ક)
મને આપો Give me (ગીવ મી)
અમને આપો Give us (ગીવ અસ)
તેને આપો Give him (ગીવ હીમ)
તેણીને આપો Give her (ગીવ હર)
તેઓને આપો. Give them. (ગીવ ધેમ.)
મારી ચોપડી. My **Book.** (માઇ બુક)
અમારી ચોપડી. Our **Book.** (અવર બુક)
તમારી ચોપડી. Your **Book.** (યૉર બુક)
તેની ચોપડી His **Book.** (હીઝ બુક)
તેણીની ચોપડી. Her **Book.** (હર બુક)
તેઓની ચોપડી. Their **Book.** (ધેર બુક)

☞ સમજણ—ઉપર કાળા ટાઇપમાં Book (બુક) " ચોપડી " નામ છે, તેને બદલે બીજું કોઇ પણ નામ મુકી શકાય જેમકે Pen (પેન) કલમ, Knife (નાઇફ) છુરી. વગેરે જે ગમે તે કોઇબી વસ્તુનું નામ તેની જગ્યાએ મુકવું.

લાવો. Bring. (બ્રીંગ)
દેખાડો, Show. (શો)
મોકલો. Send. (સૅન્ડ)
શિખવો. Teach. (ટીચ)
મને કહો Tell me. (ટેલ મી)
અમને કહો. Tell us. (ટેલ અસ)
તેને કહો. Tell him (ટેલ હીમ)
તેણીને કહો. Tell her. (ટેલ હર)
તેઓને કહો. Tell them.(ટેલ ધેમ)
મને પુછો. Ask me. (આસ્ક મી)
અમને પુછો. Ask us. (આસ્ક અસ)
તેને પુછો. Ask him (આસ્ક હીમ)
તેણીને પુછો Ask her (આસ્ક હર)
તેઓને (અથવા) તેણીઓને પુછો. Ask them. (આસ્ક ધેમ)
મારી પાસે લાવો. Bring me. (બ્રીગ મી)
અમારી પાસે લાવો. Bring us. (બ્રીગ અસ)
તેની પાસે લાવો. Bring him. (બ્રીંગ હીમ)
તેણીની પાસે લાવો.Bring her. (બ્રીંગ હર)
તેઓની (અથવા) તેઓની પાસે લાવો. Bring them (બ્રીંગ ધૅમ)
મને દેખાડો. Show me. (શો મી)
અમને દેખાડો. Show us. (શો અસ)

તેને દેખાડો. Show him. (શો હીમ)

તેણીને દેખાડો. Show her. (શો હર)

તેઓને (અથવા) તેણીઓને દેખાડો } Show them. (શો ધૅમ)

મને મોકલો Send me. (સૅન્ડ મી)

અમને મોકલો Send us. (સૅન્ડઅસ)

તેને મોકલો. Send him (સૅન્ડ હીમ)

તેણીને મોકલો. Send her. (સૅન્ડ હર)

તેઓને (અથવા) તેણીઓને મોકલો } Send them (સૅન્ડ ધૅમ)

મને શિખવો. Teach me. (ટીચ મી)

અમને શીખવો. Teach us. (ટીચ અસ)

તેને શીખવો. Teach him. (ટીચ હીમ)

તેણીને શીખવો. Teach her. (ટીચ હર)

તેઓને (અથવા તેણીઓને શીખવો } Teach them (ટીચ ધૅમ)

છું. Am (ઍમ)

છે. છીએ. Are (આર)

છે. Is (ઇઝ)

હતો. Was (ઉવૉઝ)

હતા. Were (ઉવેર)

કરવું To Do (ટુ ડુ)

કરે છે. Does (ડઝ) (એક વચન)

કીધું. Did (ડીડ)

છે. પાસે છે. Has (હૅઝ) (એક વચન)

પાસે છે. Have (હૅવ) (બહુ વચન)

હતું. Had (હૅડ)

કોણ છે? Who is? હુ ઈઝ?

એકવચન.

હું છું I am (આઇ ઍમ)

*

તે છે. He is. (હી ઇઝ)

તેણી છે. She is (શી ઇઝ)

બહુવચન.

અમે છીએ. We are. (ઉવી આર)

તમો છો. You are. (યુ આર)

તેઓ છે. અથવા તેણીઓ છે } They are. (ધે આર)

કોણ હતો? Who was? (હુ ઉવૉઝ?)

હું હતો. I was. (આઇ ઉવૉઝ)	અમે હતા. We were. (ઉવી ઉવર)
* *	તમે હતા You were. (યુ ઉવર)
તે હતો He was. (હી ઉવૉઝ)	તેઓ હતા અથવા તેણીઓ હતી } They were. (ધે ઉવર)
તેણી હતી She was (શી ઉવૉઝ)	

કોણ કરે છે? Who does? (હુ ડઝ?)

હું કરૂં છું I do. (આઇ ડુ)	અમે કરીએ છીએ. We do (ઉવી ડુ)
* *	તમો કરો છો. You do. (યુ ડુ)
તે કરે છે. He does (હી ડઝ)	તેઓ કરે છે અથવા તેણીઓ કરે છે. } They do. (ધે ડુ)
તેણી કરે છે. She does. (શી ડઝ)	

કોણે કીધું? Who did? (હુ ડીડ?)

મેં કીધું I did. (આઇ ડીડ)	અમે કીધું. We did. (ઉવી ડીડ)
* *	તમે કીધું. You did. (યુ ડીડ)
તેણે કીધું He did. (હી ડીડ)	તેઓએ કીધું અથવા તેણીઓએ કીધું. } They did. (ધે ડીડ)
તેણીએ કીધું. She did. (શી ડીડ)	

કોણની પાસે છે? Who has? (હુ હૅઝ?)

મારી પાસે છે. I have (આઇ હૅવ)	અમારીપાસેછે We have (ઉવી હૅવ)
* *	તમારી પાસેછે. You have. (યુ હૅવ)
તેની પાસે છે. He has (હી હૅઝ)	તેઓની પાસેછે. અથવા તેણીઓની પાસેછે } They have. (ધે હૅવ)
તેણીની પાસેછે. She has (શી હૅઝ)	

મારી પાસે હતું I had. (આઇ હૅડ) અમારી પાસે હતું We had (ઉવી હૅડ)
તમારી પાસે હતું. You had. (યુ હૅડ)

તેના પાસે હતું. He had (હી હૅડ) } તેઓની પાસે હતું અથવા તેણીની પાસે હતું. } They had (ધે હડ)
તેણીની પાસે હતુ. She had (શી હૅડ) }

Thou (ધાઉ) " તું "-ઇંગ્રેજીમાં કોઇની પણ સાથ વાત કરવામ " તુ " બોલ વપરાતો નથી, પણ You (યુ) " તમે " કરીનેજ વપરાય છે, જેથી (ધાઉ) લીધો નથી. ☞ જ્યાં ધાઉ લીધો નથી ત્યાં * આવી નિશાની કીધી છે.

કોઇબી વાકયમાં જ્યાં He (હી) " તે " હોય, ત્યાં She (શી) "તણી' મુકયાથી તે વાકય સ્ત્રીને લાગુ પડે છે.

જેમકે—He goes. (હી ગોઝ) તે જાય છે અને She goes (શી ગોઝ) તેણી જાય છે.

He comes. (હી કમ્ઝ) તે આવે છે અને She comes. (શી કમ્ઝ) તેણી આવે છે.

He (હી) તે, અને She (શી) "તેણી" એનું બહુવચન "તેઓ' કરીને કરવું હોય તો, They (ધે) બોલવાથીજ થાય છે, કારણ (ધે) ને અર્થ તેઓ અથવા તેણીઓ થાય છે.

હવે " હી " અને " શી " એ એની પાછળ જે ક્રિયાપદ આવે તેને s અથવા es લગાડવો જોઇએ.

પણ I, we, you અને they એઓને s અથવા es લાગતો નથી.

☞ જુઓ નીચલા દાખલા.

પહેલા તથા ત્રીજા પુરૂષને લગતા શબ્દો.

જવું. Go (ગો)	આપવું. Give (ગીવ)
જાય છે. Go-es (ગોઝ)	આપે છે. Give-s (ગીવ્ઝ)
આવવું. Come, (કમ)	લેવું, Take (ટેક)
આવે છે. Come-s (કમ્ઝ)	લે છે. Take-s (ટેક્સ)
બેસવું Sit (સીટ)	જોઇએ છે. Want (ઉવૉન્ટ)
બેસે છે. Sit-s (સીટસ)	જોઇએ છે. Want-s (ઉવૅન્ટસ)
કહેવું. Say (સે)	જાણવું. Know (નો)
કહે છે. Say-s (સેઝ)	જાણે છે. Know-s (નોઝ)

કોણ જાય છે? Who goes? (હુ ગોઝ)

એકવચન.	**બહુવચન.**
હું જાઉં છું I go. (આઇ ગો)	અમે જઇએ છીએ, We go. (ઉવી ગો)
	તમે જાઓ છો. You go (યુ ગો)
તે જાય છે. He goes (હી ગોઝ)	તેઓ જાય છે. અથવા તેણીઓ જાય છે. They go. (ધે ગો)
તેણી જાય છે. She goes (શી ગોઝ)	

કોણ આવે છે? Who comes? (હુ કમ્સ)

હું આવું છું. I Come. (આઇ કમ)	અમે આવીએ છીએ, We come (ઉવી કમ)
* *	તમે આવો છો You come (યુ કમ)
તે આવે છે He comes. (હી કમ્ઝ)	તેઓ આવે છે. અથવા તેણીઓ આવે છે. They come. (ધે કમ)
તેણી આવે છે. She comes (શી કમ્ઝ)	

કોણ બેસે છે? **Who Sits?** (હુ સીટસ?)

હું બેસું છું I sit (આઇ સીટ)	અમે બેસીએ છીએ We sit (ઉવી સીટ)
* *	તમે બેસો છો You sit (યુ સીટ)
તે બેસે છે He sits (હી સીટ્સ)	તેઓ બેસે છે અથવા તેણીઓ બેસે છે } They sit (ધે સીટ)
તેણી બેસે છે. She sits (શી સીટસ)	

કોણ કહે છે? **Who Says?** હું સેઝ?

હું કહું છું I say (આઇ સે)	અમે કહીએ છીએ We say (ઉવી સે)
* *	તમે કહો છો. You say. (યુ સે)
તે કહે છે He says (હી સેઝ)	તેઓ કહે છે અથવા તેણીઓ કહે છે. } They say (ધે સે)
તેણી કહે છે She says (શી સેઝ)	

કોણ આપે છે? **Who gives?** (હું ગીવ્ઝ?)

હું આપું છું I give. (આઇ ગીવ)	અમે આપીએ છે. We give (ઉવી ગીવ)
* *	તમે આપો છો You give. (યુ ગીવ)
તે આપે છે. He gives. (હી ગીવ્ઝ)	તેઓ આપે છે અથવા તેણીઓ આપે છે } They give. (ધે ગીવ)
તેણી આપે છે She gives (શી ગીવ્ઝ)	

કોણ લે છે? **Who Takes?** (હુ ટેકસ?)

હું લઉં છું I take (આઇ ટેક)	અમે લઇએ છીએ. We take (ઉવી ટેક)
* *	તમે લેઓ છો You take (યુ ટેક)
તે લે છે. He takes (હી ટેકસ)	તેઓ લે છે. અથવા તેણીઓ લે છે. } They take (ધે ટેક)
તેણી લે છે. She takes (શી ટેકસ)	

કોણને જોઇએ છે? Who Wants? હુ ઉવાન્ટસ?

મને જોઇએ છે. I want. (આઇ ઉવૅાન્ટ)	અમને જોઇએ છે. We want. (ઉવી ઉવૅાન્ટ)
* *	તમને જોઇએ છે. You want (યુ ઉવૅાન્ટ)
તેને જોઇએ છે. He wants. (હી વૅાન્ટસ)	તેઓને જોઇએ છે. અથવા તેણીઓને જોઇએ છે. } They want (ધે ઉવૅાન્ટ)
તેણીને જોઇ છે. She wants (શી ઉવૅાન્ટસ)	

કોણ જાણે છે? Who knows? (હુ નોઝ?)

હું જાણું છું. I know. (આઇ નો)	અમે જાણીએ છીએ. We know (ઉવી નો)
* *	તમે જાણોછો. You know (યુ નો)
તે જાણે છે He knows (હી નોઝ)	તેઓ જાણે છે, અથવા તેણીઓ જાણેછે } They know (ધે નો)
તેણી જાણેછે She knows (શી નોઝ)	

હવે પછી She (શી) તેણી વિષે બોલવું હોય તો આગળ દેખાડયા પ્રમાણે He (હી) ને બદલે She (શી) મુકી બોલવું.

બહુવચનમાં તેણીઓ વિષે વાત કરવી હોય તો They (ધે) તેઓ કરીનેજ બોલાય છે, તેથી એમાં આપ્યા પ્રમાણેજ બોલવું.

ભૂતકાળ—એટલે ગયલો વખત. જે આગળ બન્યું હોય તે. હવે આપણને ગયા વખત માટે વાત કરવી હોય તો તે ક્રિયાપદને છેડે ed લગાડવો જોઇએ, જેમકે—

વર્તમાનકાળ	ભુતકાળ.
શિખવું. Learn. (લર્ન)	શિખ્યો. Learn-ed. (લર્નડ)
ચાલવું. Walk. (ઉવૅાક)	ચાલ્યો. Walk-ed. (ઉવૅાકડ)
બોલાવવું. Call. (કૅાલ)	બોલાવ્યો. Call-ed. (કૅાલ્ડ)
વાત કરવી. Talk. (ટૅાક)	વાત કીધી. Talk-ed. (ટૅાકડ)

કોણ શિખ્યો? Who learned? (હુ લર્નડ?)

હું શિખ્યો. I learned. (આઇ લર્નડ)

*　　*

તે શિખ્યો. He learned. (હી લર્નડ)

અમે શિખ્યા. We learned. (ઉવી લર્નડ)

તમે શિખ્યા. You learned. (યુ લર્નડ)

તેઓ શિખ્યા. They learned (ધે લર્નડ)

કોણ ચાલ્યો? Who walked? (હુ ઉવૉકડ?)

હું ચાલ્યો. I walked. (આઇ ઉવૉકડ)

*　　*

તે ચાલ્યો He walked. (હી ઉવૉકડ)

અમે ચાલ્યા. We walked. (ઉવી ઉવૉકડ)

તમે ચાલ્યા. You walked. (યુ ઉવૉકડ)

તેઓ ચાલ્યા. They walked. (ધે ઉવૉકડ)

કોણે બોલાવ્યો? Who called? (હુ કૉલ્ડ?)

મેં બોલાવ્યો. I called. (આઇ કૉલ્ડ)

*　　*

તેણે બોલાવ્યો. He called. (હી કૉલ્ડ)

અમે બોલાવ્યા. We called. (ઉવી કૉલ્ડ)

તમે બોલાવ્યા. You called. (યુ કૉલ્ડ)

તેઓએ બોલાવ્યા They called. (ધે કૉલ્ડ)

કોણે વાત કીધી? Who talked? (હુ ટૅાકડ ?)

મેં વાત કીધી. I talked (આઇ ટૅાકડ)	અમે વાત કીધી. We talked. (ઉવી ટૅાકડ)
* *	તમે વાત કીધી You talked (યુ ટૅાકડ)
તેણે વાત કીધી. He talked (હી ટૅાકડ)	તેઓએ વાત કીધી. They talked (ધે ટૅાકડ)

ચાલુ વખત માટે વાત કરવી હોય તો તે ક્રિયાપદને છેડે ing લગાડવો જોઇએ, જેમકે:—

શિખવું	Learn (લર્ન)	શિખું છું. Learn-ing (લર્નીંગ)
ચાલવું.	Walk (ઉવૅાક)	ચાલું છું. Walk-ing (ઉવૅાકીંગ)
બોલાવવું.	Call (કૅાલ)	બોલાવું છું. Call-ing (કૅાલીંગ)
વાત કરવી.	Talk (ટૅાક)	વાત કરૂં છું. Talk-ing (ટૅાકીંગ)

કોણ શિખે છે? Who is learning? (હુ ઇઝ લર્નીંગ ?)

હું શિખું છું I am learning (આઇ ઍમ લર્નીંગ)	અમે શિખ્યે છીયે. We are learning (ઉવી આર લર્નીંગ)
* *	તમે શિખો છો You are learning (યુ આર લર્નીંગ)
તે શિખે છે He is learning (હી ઇઝ લર્નીંગ)	તેઓ શિખે છે. They ars learning (ધે આર લર્નીંગ)

કોણ ચાલે છે? Who is Walking? (હુ ઇઝ ઉવૅાકીંગ.)

હું ચાલું છું, I am Walking. (આઇ ઍમ ઉવૅાકીંગ)	અમે ચાલીએ છીએ. We are Walking. (ઉવી આર ઉવૅાકીંગ)
* *	તમે ચાલો છો. You are walking (યુ આર ઉવૅાકીંગ)
તે ચાલે છે, He is walking. (હી ઇઝ ઉવૅાકીંગ)	તેઓ ચાલે છે. They are walking (ધે આર ઉવોકીંગ)

કોણ બોલાવે છે? Who is calling? (હુ ઇઝ કૅાલીંગ?)

હું બોલાવું છું I am calling. (આઇ ઍમ કૅાલીંગ)	અમે બોલાવ્યે છીયે We are calling. (ઉવી આર કૅાલીંગ)
* *	તમે બોલાવો છો. You are calling (યુ આર કૅાલીંગ)
તે બોલાવે છે. He is calling (હી ઇઝ કૅાલીંગ)	તેઓ બોલાવે છે. They are calling (ધે આર કૅાલીંગ)

કોણ વાત કરે છે? Who is talking? (હુ ઇઝ ટૅાકીંગ?)

હું વાત કરૂં છું. I am talking (આઇ ઍમ ટૅાકીંગ)	અમે વાત કર્યે છીયે We are talking (ઉવી આર ટૅાકીંગ)
* *	તમે વાત કરો છો. You are talking (યુ આર ટૅાકીંગ)
તે વાત કરે. He is talking (હી ઇઝ ટૅાકીંગ)	તેઓ વાત કરે છે. They are talking (ધે આર ટૅાકીંગ)

ઈંગ્રેજીમાં વાકયો ગોઠવવાની થોડીક સેહલી સમજણ.

ઇંગ્રેજીમાં કોઇ પદાર્થ કે પ્રાણીનું નામ એક વચનમાં હોય તો તે એકલું આવે નહીં. પણ તેના અર્થની હદ દેખાડવા માટે તે નામની આગળ a અથવા an હમેશાં લગાડવોજ જોઇએ. જેમકે—

A book. (આ બુક) એક ચોપડી. A pen. (આ પેન) એક કલમ. A cat. (આ કૅટ) એક બીલાડી. A hat (આ હૅટ) એક ટોપી an (ઍન) એકાદું. હવે "ઍન" કયાં લગાડવો?

જે શબ્દોમાં પેહેલો a, e, i, o, u, જેને ગુજરાતીમાં સ્વર કહે છે અને ઇંગ્રેજીમાં (vowel) કહે છે, તે અક્ષરો આવે તે નામની આગળ an લગાડવો જેમકે An egg. (ઍન ઍગ) એક ઇંડું An ox. (ઍન ઑકસ) એક બળદ. An orange. (ઍન ઑરેન્જ) એક નારંગી. An elephant. (ઍન ઍલીફન્ટ) એક હાથી. An ass (ઍન ઍસ) એક ગધેડો.

પણ જો સંખ્યા બતાવવીજ હોય તો. A અથવા An કાઢી નાંખી તેની જગ્યાએ સંખ્યા લગાડવી. કેમકે Give me one book, (ગીવ મી વન બુક) મને એક ચોપડી આપો. Give me one orange. (ગીવ મી વન ઑરેન્જ) મને એક નારંગી આપો. I want an anna (આઇ ઉવૅાન્ટ ઍન આના) મને એક આનો જોઇએ છે.

☞ પણ બહુવચનમાં A અથવા An કદી લગાડવો નહીં.

અંગ્રેજીમાં The (ધી) એટલે "તે" અથવા "પેલું" થાય છે, કે જે સામેવાલા જાણે છે. મુકરર પાણી કે પદાર્થ જણાવવા માટે તેનાં નામની આગળ હમેશાં The (ધી) લગાડવો જોઇએ.

જેમકે The book. (ધી બુક) તે ચોપડી. The Cage. (ધી કેજ) તે પીંજરૂં. The bird. (ધી બર્ડ) તે પક્ષી.

This. (ધીસ) એ "આ" (એક વચન)માં બીજી ચીજો સાથે સરખાવતાં વધારે નજદીક હોય તેને લાગે છે. જેમકે—

This boy. (ધીસ બૉય) આ છોકરો. This book. (ધીસ બુક) આ ચોપડી. This cap. (ધીસ કૅપ) આ તોપી.

These (ધીઝ) "એઓ" "આ" (બહુવચન) બીજી ચીજો સાથે સરખાવતાં જે વધારે નજદીક હોય તેને લાગે છે. જેમકે—

These boys. (ધીસ બૉયઝ) આ છોકરાઓ. These books (ધીઝ બુકસ) આ ચોપડીઓ. These caps. (ધીઝ કૅપ્સ) આ ટોપીઓ.

☞ એમાં છોકરાઓ, ચોપડીઓ, ટોપીઓ, બહુવચનમાં છે. જેથી These લગાડવો જોઇએ.

That (ધૅટ) તે, પેલો, પેલી, પેલું. (એકવચનમાં) બીજી ચીજો સાથે સરખાવતાં જે વધારે દુર હોય તેને લાગે છે. જેમકે—

That boy. (ધૅટ બૉય) પેલો છોકરો. That girl. (ધૅટ ગર્લ) પેલી છોકરી. That dog. (ધૅટ ડૉગ) પેલો કુત્રો.

Those (ધોઝ) તેઓ, પેલાઓ, પેલીઓ (બહુવચન) માં બીજી ચીજો સાથે સરખાવતાં જે વધારે દુર હોય તેને લાગે છે. Those boys (ધોઝ બૉયઝ) પેલા છોકરાઓ. Those girls. (ધૅાઝ ગર્લ્ઝ) પેલી છોકરીઓ. Those dogs. (ધોઝ ડૉગઝ) પેલા કુત્રાઓ.

Than (ધૅન) કરતાં.—Then (ધેન) ત્યારે.

એ બન્નેનો અર્થ જુદો થાય છે અને તે કેવી રીતે વપરાય છે તે નિચલા દાખલા ઉપરથી સમજાશે.

Pandoo is bigger than Rama (પાંડુ ઇઝ બીગર ધૅન રામા) પાંડુ રામા કરતાં મોટો છે.

I am younger than you. (આઇ એમ યંગર ધૅન યુ) હું તમારા કરતાં નાનો છું.

I will go then. (આઇ ઉવીલ ગો ધેન) ત્યારે હું જઇશ.

Then you may go (ધેન યુ મે ગો) ત્યારે તમે જાઓ.

Then you may take (ધેન યુ મે ટેક) ત્યારે તમે લેવો.

Of (ઑફ) અને 'S (ઍપૅાસ્ટ્રોફી ઍસ) એ બેનો ફરક.

Of (ઑફ) નો, ની, નું, ના.

'S (ઍપૅાસ્ટ્રોફી ઍસ) નો, ની, નું, ના.

આ બન્નેનો અર્થ એકજ છે, પણ શિખનારાએ એના ફરક ધ્યાનમાં રાખવા.

Of (ઑફ) ફક્ત વસ્તુનેજ લાગે છે, સજીવ પ્રાણીને લાગતો નથી. જેમકે–

The key of the box. (ધી કી ઑફ ધી બૉક્સ) તે પેટીની કુંચી.

The glass of the watch, (ધી ગ્લાસ ઑફ ધી ઉવૉચ) ઘડીયાળનો કાચ.

The cover of the book (ધી કવર ઑફ ધી બુક) તે ચોપડીનું પુઠું, પણ Box's key. (બૉક્સીસ કી.) પેટીની કુંચી, અથવા Watch's glass (ઉવૉચીસ ગલાસ) ઘડિયાળનો કાચ. એવી રીતે બોલાતું નથી કારણ કે 'S (ઍપોસ્ત્રોફી ઍસ) વસ્તુને લાગતી નથી. પણ Boy's cap. (બૉયઝ કૅપ) છોકરાની ટોપી એમ વાપરી શકાય. વળી

My father's house. (માઇ ફાધર્સ હાઉસ) મારા બાપાનું ઘર નહીં કે The house of my father. (ધી હાઉસ ઑફ માઇ ફાધર)

My uncle's horse. (માઇ અંકલસ હૉર્સ) કાકાનો ઘોડો. નહીં કે,—

The horse of my uncle. (ધી હૉર્સ ઑફ માઇ અંકલ.)

એકવચન અને બહુવચન.

એકવચન—એકપણું બતાવે તે એકવચન.

બહુવચન—અનેક (એકથી વધારેપણું દેખાડે તે બહુવચન કહેવાય છે.)

બહુવચન ઘણું કરીને એક વચનને s અથવા es લગાડવાથી થાય છે. જયારે હરેક નામનું બહુવચન કરવું હોય ત્યારે શબ્દને છેડે s અથવા es લગાડવો જોઇએ, જેમકે—

એકવચન.	બહુવચન.
Cat (કૅટ) બીલાડિ.	Cats (કૅટસ) બીલાડિઓ.
Cap (કૅપ) તોપી.	Caps (કૅપ્સ) તોપીઓ.
Cow (કાઉ) ગાય.	Cows (કાઉઝ) ગાયો.
Horse (હૉર્સ) ઘોડો.	Horses (હૉર્સીસ) ઘોડા.
Chair (ચેર) ખુરશી.	Chairs (ચેર્સ) ખુરશીઓ.
Book (બુક) ચોપડી.	Books (બુકસ) ચોપડીઓ.
Boy (બૉય) છોકરો.	Boys (બૉયઝ) છોકરાઓ.
Girl (ગર્લ) છોકરી.	Girls (ગર્લ્ઝ) છોકરીઓ.
Watch (ઉવૉચ) ઘડિયાળ.	Watches (ઉવૉચીઝ) ઘડિઆલો.
Mango (મૅંગો) કેરી.	Mangoes (મૅંગોઝ) કેરીઓ.
Box (બૉક્સ) દાબડો.	Boxes (બૉકસીસ) પેટીઓ.
Church (ચર્ચ) દેવળ.	Churches (ચર્ચીઝ) દેવળો.

વલી શબ્દને એકવચનમાં y આવે ત્યારે તેનું બહુવચન ies થી થાય છે જેમકે—

એકવચન.	બહુવચન.
A fly (આ ફ્લાઇ) માખી.	Flies (ફ્લાઇઝ) માખીઓ.
A Cry (આ ક્રાઇ) બૂમ.	Cries (ક્રાઇઝ) બૂમો.

જે નામનું બહુવચન કરવામાં s લાગતો નથી તેનાં નામો **નીચે** પ્રમાણે છે.

એકવચન.	**બહુવચન.**
Man (મૅન) માણસ.	Men (મેન) માણસો.
Woman (ઉવુમૅન) બાયડી.	Women (ઉવીમેન) બાયડીઓ
Child (ચાઇલ્ડ) બાળક.	Children (ચીલડ્રન) બાળકો.
Tooth (ટુથ) દાંત.	Teeth (ટીથ) દાંતો.
Foot (ફુટ) પગ.	Feet (ફીટ) પગો.
Ox (ઑાકસ) બળદ.	Oxen (ઑાકસન) બળદો.
Mouse (માઉસ) ઉંદર.	Mice (માઇસ) ઉંદરો.
Louse (લાઉસ) જુ.	Lice (લાઇસ) જુઓ.
Goose (ગુઝ) હંસ.	Geese (ગીઝ) હંસો.

ગુજરાતી ભાષામાં ક્રિયાપદ વાક્યને છેડે આવે છે. જેમકે—તમારૂ નામ શું છે? "છે" એ ક્રિયાપદ છે. **તમે કયાં રહો છે?** રહો છો? એ પણ ક્રિયાપદ છે.

પણ ઇંગ્રેજીમાં ક્રિયાપદ કર્તાની તરતજ પછી ઘણું કરીને આવે છે એટલે વાકયની શરૂઆતમાં બીજું અથવા ત્રીજું આવે છે. જેમકે **That boy is bad** (ધૅટ બૅાય ઇઝ બૅડ) તે છોકરો ખરાબ છે. હયાં **Boy** (બૅાય) છોકરો કર્તા છે અને **Is** (ઇઝ) ને ક્રિયાપદ છે, ને તે **Boy** ની પાસે આવેલો છે. તેજ પ્રમાણે નિચલાં વાક્યમાંબી છે.

I go soon (આઇ ગો સુન) હું જલદી જાઉં છું.
This is good (ધિઝ ઇઝ ગુડ) આ સારૂં છે.
He is wise (હી ઇઝ ઉવાઇઝ) તે ડાહયો છે.

પણ ઇંગ્રેજીથી જે વાકયમાં સવાલ અથવા પ્રશ્ન પુછવામાં આવે છે, ત્યાં ક્રિયાપદ કર્ત્તાની અગાઉ આવે છે. જેમકે What is your Name? ઉવૉટ ઇઝ યૅાર નેમ? તમારૂં નામ શું? ત્યાં Name (નેમ) નામ, કર્તા છે અને is ક્રિયાપદ છે, અને તે કર્તાની અગાઉ આવેલો છે. તેજ પ્રમાણે નિચલાં વાકયોમાં પણ છે.

How are you? (હાઉ આર યુ?) તમે કેમ છો?

Who is he? (હુ ઇઝ હી?) તે કોણ છે?

Is that boy bad? (ઇઝ ધૅટ બૉય બૅડ) શું તે છોકરો ખરાબ છે?

Is he wise? (ઇઝ હી ઉવાઇઝ?) શું તે ડાહયો છે?

☞ વધુ માટે જુઓ આગળ સવાલોનાં વાકયો.

કેટલાક શબ્દોને ed લાગતો નથી.

એટલે—ગયલા વખત વિષે તેમજ અગાઉ થઇ ગયલા વિષે બોલવું હોય તો નીચે પ્રમાણે વાકયોમાં બોલાય છે.

હું તમને કહું છું. I tell you. (આઇ ટૅલ યુ)

મેં તમને કહયું. I told you. (આઇ ટોલ્ડ યુ)

મેં તમને કહેલું છે. I have told you. (આઇ હૅવ ટોલ્ડ યુ)

એજ પ્રમાણે નિચલા શબ્દોના વાકયોમાં ગયલા વખત વિષે અથવા બની ગયલી બાબદ વિષે વાત કરવી હોય તો નીચે ed લગાડયા વગર નીચે આવેલા શબ્દો પ્રમાણે બોલવું.

વર્તમાન (હાલનો.)	ભુત (ગયલો.)	ભુતકૃદંત (અગાઉ થયલું.)
જોવુ See. (સી)	જોયું. Saw. (સૉ)	જોયેલું. Seen. (સીન)
દોડવું. Run. (રન)	દોડયો. Ran. (રૅન)	દોડેલો. Run. (રન)
આવવુ. Come. (કમ)	આવ્યો Came. (કેમ)	આવેલો Come. (કમ)
આપવુ. Give. (ગીવ)	આપ્યુ Gave. (ગેવ)	આપેલું. Given (ગીવન)
ઉછીનું આપવું. Lend (લૅન્ડ)	ઉછીનુ આપ્યુ. Lent. (લૅન્ટ)	ઉછીનું આપેલું. Lent (લૅન્ટ)
ઉડવું. Fly (ફ્લાઇ)	ઉડયું. Flew (ફ્લ્યુ)	ઉડેલું Flown. (ફ્લોન)
ઉગવુ. Grow. (ગ્રો)	ઉગયું. Grew (ગ્રીયુ)	ઉગેલું. Grown (ગ્રોન)
ઉભુ રહેવું. Stand. (સ્ટૅન્ડ)	ઉભા રહયો. Stood. (સ્ટુડ)	ઉભો રહેલો Stood [સ્ટુડ]
ઉગવુ. } ઉઠવુ. } Rise. [રાઇઝ]	ઉગ્યો. } ઉઠયો. } Rose. [રોઝ]	ઉગેલુ } ઉઠેલુ. } Risen. [રીઝન]
કહેવુ Tell [ટેલ]	કહયું Told [ટોલ્ડ]	કહેલું. Told. [ટોલ્ડ]
કહેવું. Say [સે]	કહયુ. Said. [સેડ]	કહેલું. Said. [સેડ]
કરડવુ. Bite. [બાઇટ]	કરડયુ Bit. [બિટ]	કરડેલું Bitten [બિટન]
કાપવું Cut. [કટ]	કાપ્યું. Cut. [કટ]	કાપેલું. Cut. (કટ)
કિંમત પડવી. Cost. [કૉસ્ટ]	કિંમત પડી. Cost. [કૉસ્ટ]	કિંમત પડેલી. Cost. [કૉસ્ટ]
ખરચવું. Spend. [સ્પૅન્ડ]	ખરચ્યુ. Spent. [સ્પૅન્ટ]	ખરચેલું. Spent [સ્પૅન્ટ]
ખરીદવું. Buy. [બાઇ]	ખરીદયું. Bought. [બૉટ]	ખરીદેલું. Bought. [બૉટ]
ખમવુ. Bear. [બેર]	ખમ્યુ. Bore [બોર]	ખમેલું. Borne [બોર્ન]
ખાવું. Eat [ઇટ]	ખાધું. Ate. [ઍટ]	ખાધેલું Eaten [ઇટન]

ખેચવું. ચિતરવું. } Draw (ડ્રો)	ખેંચ્યું. ચીતર્યું. } Drew (ડ્રયુ)	ખેંચેલું. ચીતરેલું. } Drawn (ડ્રૉન)
ખોહવું. Loose (લુઝ)	ખોયુ Lost (લૉસ્ટ)	ખોયલું Lost(લૉસ્ટ)
ખોદવું. Dig (ડિગ)	ખોદ્યું. Dug [ડગ]	ખોદેલુ Dug [ડગ]
ગાવું. Sing [સીગ]	ગાયું. Sang [સૅંગ]	ગાયલું. Sung [સંગ]
ગંધ મારવી. Stink [સ્ટીંક]	ગંધ મારી Stunk [સ્ટંક]	ગંધ મારેલી Stunk [સ્ટંક]
નાખવ. Cast [કાસ્ટ]	નાખ્યું. Cast [કાસ્ટ]	નાખેલું. Cast [કાસ્ટ]
નાખવુ Throw [થ્રો]	નાખ્યું. Threw [થ્રયુ]	નાખેલું. Thrown [થ્રોન]
ચોરવુ Steal [સ્ટીલ]	ચોર્યું. Stole [સ્ટોલ]	ચોરેલું. Stolen [સ્ટોલન]
ચોટાડવું. Stick [સ્ટીક]	ચોટાડ્યુ. Stuck [સ્ટક]	ચોટાડેલું. Stuck [સ્ટક]
છોડી દેવું. Leave [લીવ]	છોડી દીધુ. Left [લેફ્ટ]	છોડી દીધેલુ Left [લેફ્ટ]
જણવું. Bear [બેર]	જણ્યું Bore [બૉર]	જણેલું ' Born [બૉર્ન]
જગાડવું. Wake [ઉવેક]	જગાડ્યો. Woke [ઉવોક]	જગાડેલો. Waked [ઉવેકડ]
જડવુ. Find [ફાઇન્ડ]	જડ્યું Found [ફાઉન્ડ]	જડેલું. Found [ફાઉન્ડ]
જાગવું. Awake [અવેક]	જાગ્યો. Awoke [અવોક]	જાગેલો. Awaken [અવેકન]
જાણવું. Know [નો]	જાણ્યું. Knew [ન્યુ]	જાણેલું. Known [નોન]
જીતવું. Win [ઉવીન]	જીત્યો. Won [ઉવન]	જીતેલો. Won[ઉવન]
ઝાડવું. Sweep (સ્વીપ)	ઝાડ્યું. Swept [સ્વૅપ્ટ]	ઝાડેલું. Swept [સ્વૅપ્ટ]
ઠપકો દેવો. Chide [ચાઇડ]	ઠપકો આપ્યો Chid [ચીડ]	ઠપકો આપેલો. Chidden [ચીડન]

ડુબવું. Sink [સીંક]	ડુબ્યું. Sank [સૅંક]	ડુબેલું Sunk [સંક]
તરવું. Swim [સ્વિમ]	તર્યું Swam [સ્વૅામ]	તરેલું. Swum [સ્વમ]
દુખ દેવું. Hurt [હર્ટ]	દુખ દીધું. Hurt [હર્ટ]	દુખ દીધેલું Hurt [હર્ટ]
દેવું. ભાડે આપવું. } Let [લિટ]	દીધું. ભાડે આપ્યુ } Let [લિટ]	દીધેલું. ભાડે આપેલું. } Let. [લેટ]
ધ્રુજવું. હલાવવું. } Shake [શેક]	ધ્રુજ્યું. હલાવ્યું. } Shook [શૂક]	ધ્રુજેલું હલાવેલું. } Shaken [શેકન]
પકડવું. Catch [કૅચ]	પકડ્યુ Caught. [કૉટ]	પકડેલું. Caught [કૉટ]
પકડવું. Hold [હોલ્ડ]	પકડ્યું. Held [હૅલ્ડ]	પકડેલું. Held [હેલ્ડ]
પડવું. Fall. [ફૉલ]	પડ્યું. Fell. [ફૅલ]	પડેલું. Fallen. [ફૉલન]
પડી રેહવું. Lie. [લાઇ]	પડી રહ્યું. Lay. [લે]	પડી રહેલું. Lain. [લેન]
પસંદ કરવું. Choose. [ચુઝ]	પસંદ કીધું. Chose. [ચોઝ]	પસંદ કીધેલું. Chosen. [ચોઝન]
પીવું Drink. [ડ્રીંક]	પીધું Drank. [ડ્રૅંક]	પીધેલું. Drunk. [ડ્રંક]
પેહેરવું. Wear. [ઉવેર]	પેહેર્યું. Wore. [ઉવૅાર]	પહેરેલું. Worn. [ઉવૅાન]
પૈસા આપવા. Pay. [પે]	પૈસા આપ્યા. Paid. [પેડ]	પૈસા આપેલા Paid [પેડ)
ફાટવું. Burst. [બર્સ્ટ]	ફાટ્યું. Burst. (બર્સ્ટ)	ફાટેલું. Burst. [બર્સ્ટ]
ફાડવું. Tear. [ટેર]	ફાડ્યું. Tore. [ટોર]	ફાડેલું. Torn. [ટોર્ન]
બનાવવું. Make. [મેક]	બનાવ્યું. Made. [મેડ]	બનાવેલું. Made. [મેડ]
બાંધવું. [ધિર] Build. [બિલ્ડ]	બાંધ્યું. Built. [બિલ્ટ]	બાંધેલું. Built. [બિલ્ટ]

બાંધવું. Bind. [બાઇન્ડ]	બાંધ્યું. Bound. [બાઉન્ડ]	બાંધેલું. Bound. [બાઉન્ડ]
બેસવું. Sit. [સીટ]	બેઠો. Sat. [સૅટ]	બેઠેલો. Sat. [સૅટ]
બોલવું. Speak. [સ્પીક]	બોલ્યો. Spoke. [સ્પોક]	બોલેલો. Spoken. [સ્પોકન]
ભાગવું. Break. [બ્રેક]	ભાગ્યું Broke. [બ્રોક]	ભાંગેલું Broken. [બ્રોકન]
ભુલથી જાણવું ,, ગણવું. Mis-take. [મીસતેક]	ભુલથી જાણ્યું. ,, ગણ્યું. Mis-took. [મીસ્ટુક]	ભુલથી જાણેલું. ,, ગણેલું. Mis-taken [મીસટેકન]
મારવું. Beat. [બીટ]	માર્યો. Beat. [બીટ]	મારેલો. Beaten. [બીટન]
મારવું. Strike. [સ્ટ્રાઇક]	માર્યો. Struck. [સ્ટ્રક]	મારેલો. Struck. [સ્ટ્રક]
માફ કરવું. Forgive. [ફરગીવ]	માફ કીધો. Forgave. [ફરગેવ]	માફ કીધેલો Forgiven. [ફરગીવન]
મુકવું. Put. [પુટ]	મુક્યું. Put [પુટ]	મુકેલું Put. [પુટ]
મેળવવું. Get. [ગૅટ]	મેળવ્યું Got. [ગૉટ]	મેળવેલું. Got. [ગૉટ]
મોકલવું. Send. [સૅન્ડ]	મોકલ્યું. Sent. [સૅન્ટ]	મોકલ્યું. Sent. [સૅન્ટ]
રડવું. Weep. [ઉવીપ]	રડયો. Wept. [ઉવેપ્ટ]	Wept. [ઉવેપ્ટ]
રાખવું. Keep. [કીપ]	રાખ્યું. Kept. [કૅપ્ટ]	રાખેલું Kept. [કૅપ્ટ]
લખવું. Write. [રાઇટ]	લખ્યું. Wrote. [રોટ]	લખેલું. Written. [રીટન]
લડવું. Fight. [ફાઇટ]	લડયો. Fought. [ફૉટ]	લડેલો. Fought. [ફૉટ]
લાગવું. Feel. [રીલ]	લાગ્યો. Felt. [ફેલ્ટ]	લાગેલો. Felt. [ફેલ્ટ]
લાવવું. Bring. [બ્રીંગ]	લાવ્યો. Brought. [બ્રૉટ]	લાવેલો. Brought. [બ્રૉટ]
લેવું. Take. [ટેક]	લીધું. Took. [ટુક]	લીધેલું. Taken. [ટેકન]

વગાડવું; Ring. [રીંગ]	વગાડયું. Rang. [રૅંગ]	વગાડેલું. Rung. [રંગ]
વાસ મારવી. Smell. [સ્મેલ]	વાસ મારી. Smelt. [સ્મેલ્ટ]	વાસ મારેલું. Smelt. [સ્મેલ્ટ]
વીસરવું. Forget. [ફરગેટ]	વીસર્યો. Forgot. [ફરગોટ]	વીસરેલો. Forgotten. [ફરગોટન]
વીટાળવું. Wind. [ઉવાઇન્ડ]	વીટાળ્યું. Wound. [ઉવાઉન્ડ]	વીટાલેલું. Wound. [ઉવાઉન્ડ]
વિચારવું. Think. [થીંક]	વિચાર્યું. Thought. [થૉત]	વીચારેલું. Thought. [થૉત]
વેચવું. Sell. [સેલ]	વેચ્યું. Sold. [સોલ્ડ]	વેચેલું. Sold. [સોલ્ડ]
વેપાર કરવો. Deal. [ડીલ]	વેપાર કીધો. Dealt. [ડેલ્ટ]	વેપાર કીધેલો. Dealt. [ડેલ્ટ]
સમ ખાવા. Swear. [સ્વેર]	સમ ખાધા. Swore. [સ્વોર]	સમ ખાધેલા. Sworn. [સ્વૉર્ન]
સ્વારી કરવી. Ride. [રાઇડ]	સ્વારી કીધી. Rode. [રોડ]	સ્વારી કીધેલી Ridden. [રીડન]
સંતાડવું. Hide. [હાઇડ]	સંતાડયું. Hid. [હીડ]	સંતાડેલું Hidden. [હીડન]
સાંભળવું. Hear. [હીયર]	સાંભળ્યું. Heard. [હર્ડ]	સાંભળેલું. Heard. [હર્ડ]
સુવું. Sleep. [સ્લીપ]	સુતો. Slept. [સ્લેપ્ત]	સુતેલો. Slept. [સ્લેપ્ટ]
શરૂ કરવું. Begin. [બીગીન]	શરૂ કીધું. Began. [બીગૅન]	શરૂ કીધેલું. Begun. [બીગન]
શીખવવું. Teach. [ટીચ]	શીખવ્યું. Taught. [ટૉટ]	શીખવેલું. Taught. [ટૉટ]
શોધવું. Seek. [સીક]	શોધ્યું. Sought. [સૉટ]	શોધેલું. Sought. [સૉટ]
હાંકવું. Drive. [ડ્રાઇવ]	હાંક્યું. Drove. [ડ્રોવ]	હાંકેલું. Driven. [ડ્રીવન]

કોણ જુવે છે! Who sees! (હૂ સીઝ !)

(વર્તમાનકાળ)

હું જોઉં છું. I see [આઇ સી] અમે જોઇએ છીયે. We see [ઉવી સી]

* * તમે જુઓ છો. You see [યુ સી]

તે જુએ છે. He sees [હી સીઝ] તેઓ જુએ છે. They see [ધે સી]

કોણ જોયું ? Who saw? (હુ સૅા ?)

(ભૂતકાળ.)

મેં જોયું. I saw [આઇ સૅા] અમે જોયું. We saw [ઉવી સૅા]

તમે જોયું. You saw [યુ સૅા]

તેણે જોયું. He saw [હી સૅા] તેઓએ જોયું. They saw [ધે સૅા]

કોણ જોયલું છે? Who has seen? (હુ હૅઝ સીન ?)

(પૂર્ણ વર્તમાન.)

મેં જોયલું છે. I have seen [આઇ હૅવ સીન] અમે જોયલું છે. We have seen [ઉવી હૅવ સીન]

* તમે જોયલું છે. You have seen [યુ હૅવ સીન]

તેણે જોયલું છે. He has seen [હી હૅઝ સીન] તેઓએ જોયલું છે; They have seen [ધે હૅવ સીન]

કોણ દોડે છે? Who runs? (હુ રન્સ ?)

(ભૂતકાળ.)

હું દોડું છું I run [આઇ રન]   અમે દોડીએ છીયે. We ran [ઉવી રન]

*   તમે દોડે છો. You run [યુ રન]

તે દોડે છે. He runs [હી રન્સ]   તેઓ દોડે છે. They run [ધે રન]

કોણ દોડયો ? Who ran ? [હુ રૅન]

(વર્તમાનકાળ.)

હું દોડયો. I ran [આઇ રૅન]   અમે દોડયા We ran [ઉવી રૅન]

તમે દોડયા. You ran [યુ રૅન]

તે દોડયો. He ran [હી રૅન)   તેઓ દોડયા. They ran [ધે રૅન]

કોણ દોડયો છે ? Who has run ? [હુ હૅઝ રન]

(પૂર્ણ વર્તમાનકાળ)

હું દોડયો છું. I have ran [આઇ હૅવ રન]   અમે દોડયા છીએ. We have run [ઉવી હૅવ રન]

તમે દોડયા છો. You have run [યુ હૅવ રન]

તે દોડયો છે. He has run [હી હૅઝ રન]   તેઓ દોડયા છે. They have run [ધે હૅવ રન]

ભવિષ્યકાળ.

કોણ જોશે? Who will see? (હુ ઉવીલ સી?)

હું જોઇશ. I shall see. (આઇ શૅલ સી)

અમે જોઇશું. We shall see. (ઉવી શૅલ સી)

તમે જોશો. You will see. (યુ ઉવીલ સી)

તે જોશે. He will see. (હી ઉવીલ સી)

તેઓ જોશે. They will see. (ધે ઉવીલ સી)

ભવિષ્યકાળ.

કોણ જશે? Who will go? (હુ ઉવીલ ગો?)

હું જઇશ. I shall go. (આઇ શૅલ ગો)

અમે જઇશું. We shall go. (ઉવી શૅલ ગો)

તમે જશો. You will go. (યુ વીલ ગો)

તે જશે. He will go. (હી વીલ ગો)

તેઓ જશે. They will go. (ધે વીલ ગો)

અભ્યાસપાઠ ૧ લો.

હોવું. Be. (બી)
પાસથી. By. (બાઇ)
નો ની, નું નાં. Of. (ઑફ)
એમ. So. (સો)
જો; અગર If (ઇફ)
તરફ. At. (ઍટ)

હા. Yes. (યસ)
સાહેબ. Sir. (સર)
ના, નહીં. No. (નો)
બાઇ. Madam. (મૅડમ)
કોણ? Who? (હુ?)
આવો. Come. (કમ)

અંદર. In. (ઇન)
બાહેર. Out. (આઉટ)
ઉપર. Up. (અપ)
નીચે. Down. (ડાઉન)
અહિંયા. Here. (હીયર)
પાસે. Near. (નીયર)
પાછા. Back. (બૅક)
જલદી. Soon. (સુન)
બેસો. Sit. (સીટ)
જાઓ. Go. (ગો)
આગળ. On. (ઑન)
ત્યાં. There. (ધૅર)
આસ્તે. Slowly. (સ્લોલી)
ઝડપથી. Quick. (ક્વિક)

હા, સાહેબ. Yes, Sir. (યસ, સર)
નહીં, સાહેબ. No, Sir. (નો, સર)
નહીં બાઇ. No Madam, (નો મૅડમ)
કોણછે ? Who is it? (હુ ઇઝ ઇટ ?)
હું છું It is I (ઇટ ઇઝ આઇ)
સાહેબજી. Good day. (ગૂડ ડે)
અંદર આવો. Come in. (કમ ઇન)
બાહેર આવો. Come out. (કમ આઉટ)
ઉપર આવો. Come Up. (કમ અપ)
નીચે આવો. Come down. (કમ ડાઉન)
અહીં આવો. Come here. (કમ હીયર)
ત્યાં આવો. Come there. (કમ ધૅર)
પાસે આવો. Come near. (કમ નીયર)
પાછા આવો. Come back. (કમ બૅક)
જલદી આવો. Come soon. (કમ સુન)
બેસો. Sit down. (સીટ ડાઉન)
ઉઠો. Get up. (ગેટ અપ)
સુઇ જાઓ. Lie down. (લાઇ ડાઉન)
અંદર જાવો. Go in. (ગો ઇન)
બાહેર જાવો. Go out. (ગો આઉટ)
ઉપર જાવો. Go up. (ગો અપ)
નીચે જાવો. Go down. (ગો ડાઉન)
આગળ જાવો. Go on. (ગો ઑન)
ત્યાં જાવો. Go there. (ગો ધૅર)
પાછા જાવો Go back. (ગો બૅક)
ચાલી જાવો. Go away. (ગો અઉવે)
ધીમે જાવો. Go slowly. (ગો સ્લોલી)
જલદી જાવો. Go soon. (ગો સુન)

ઝડપથી જાવો. Go quick.
(ગો ક્વીક)

હું ઉપર જાઉં છું. I am going up.
(આઇ એમ ગોઇંગ અપ)

હું નીચે જાઉં છું. I am going down.
(આઇ એમ ગોઇંગ ડાઉન)

હું અંદર જાઉં છું. I go in.
(આઇ ગો ઇન)

હું બાહેર જાઉં છું. I go out.
(આઇ ગો આઉટ)

હું આગળ જાઉં છું. I go on.
(આઇ ગો ઑન)

હું ઉપર છું. I am up.
(આઇ ઍમ અપ)

હું નીચે છું. I am down.
(આઇ ઍમ ડાઉન)

હું અંદર છું. I am in.
(આઇ ઍમ ઇન)

હું બાહેર છું. I am out.
(આઇ ઍમ આઉટ

અભ્યાસપાઠ ૨ જો.

દોડો. Run. (રન)
જલદી. Fast (ફાસ્ટ)
કરવું. Do. (ડુ)
એમ. So. (સો)
કહો. Say. (સે)
કામ. Work. (ઉવર્ક)
આશા રાખવી. Hope. (હોપ)
રમવું. Play. (પ્લે)
જોઇએ. Want. (ઉવૉન્ટ)
એક. A. (એ, આ)
કલમ. Pen. (પેન)
લાવો. Bring. (બ્રીંગ)
ટોપી. Cap. (કૅપ)
ઉપકાર માનવો. To thank.
(ટુ થૅન્ક)
કરવું. Make. (મેક)
ઉતાવળ. Haste. (હેસ્ટ)
કયો? What? (ઉવૉટ)
માટે, વાસ્તે. For. (ફૉર)
છોકરો. Boy (બૉય)
આ. This. (ધિસ)
કયો, કંઇ, કયું? Which (ઉવીચ)
તે That. (ધૅટ)
શિખવું. Learn. (લર્ન)

જલદી દોડો. Run fast. (રન ફાસ્ટ)
પાસેથી જાઓ. Pass by (પાસ બાઇ)
એમ કરો. Do so. (ડુ સો)
એમ કેહો. Say so. (સે સો)
શા માટે? What for? (ઉવૅાટ ફૅાર?)
કોને માટે? For whom? (ફૅાર હુમ)
હું કરૂં છું. I do. (આઇ ડુ)
મારૂં કામ. My work. (માઇ ઉવર્ક)
હું આશા રાખું છું. I hope. (આઇ હોપ)
અમે રમીએ છીએ. We play. (ઉવી પ્લે)
મને જોઇએ. છે. I want. (આઇ ઉવૅાન્ટ)
મને આપો. Give me. (ગીવ મી)
એક કલમ. A pen. (આ પેન)
એક ચોપડી. A book. (આ બુક)
મારી ટોપી. My cap. (માઇ કૅપ)
હું ઉપકાર માનું છું. I thank you. (આઇ થૅન્ક યુ)
મોટો ઉપકાર. Much obliged. (મચ ઓબ્લાઇજ્ડ)
મને માફ કરો. Excuse me. (એક્સક્યુઝ મી.) Pardon me. (પારડન મી.)
ઉતાવળ કરો. Make Haste. (મેક હેસ્ટ)
સંભાળો. Take care. (ટેક કેર)
કયો છોકરો? What boy? (ઉવૅાટ બોય)
આ છોકરો? This boy (ધિસ બૅાય)
કઈ ચોપડી. Which book? (ઉવીચ બુક)
તે ચોપડી. That book. (ધૅટ બુક)
હું શિખું છું. I learn (આઇ લર્ન)

અભ્યાસપાઠ ૩ જો.

મદદ કરવી. Help. (હૅલ્પ)
ઘણો. Very. (વેરી)
ડાહ્યો. Wise. (ઉવાઇઝ)
જુઓ. Look. (લુક)
લેઓ. Take. (ટેક)
તે It. (ઇટ)
રાખો. Keep. (કીપ)
પછવાડે જવું. Follow. (ફૅાલો)
હમણાં. Now. (નાઉ)
એકદમ. At once. (ઍટ વન્સ)
એજ. The same. (ધી સેમ)
પત્ર. Letter. (લેટર)
ભવિષ્યકાળની નિશાની. Will. (ઉવીલ)

જતાં. Going. (ગોઇંગ)
આવતાં. Coming. (કમીંગ)
થોડા, થોડી, થોડો. Some. (સમ)
પૈસા. Money. (મની)
મને મદદ કરો Help me (હેલ્પ મી)
ઘણો ડાહ્યો. (Very wise.) (વૅરી ઉવાઇઝ)
અહીં જુવો Look here. (લુક હીયર)
ત્યાં જુવો. Look there. (લુક ધૅર)
બાહેર જુવો Look out. (લુક આઉટ)
તે લેઓ. Take it. (ટેક ઇટ)
આ લેઓ Take this. (ટેક ધિસ)
આ રાખો Keep this (કીપ ધિસ)
તે આપો Give that (ગીવ ધૅટ)
કોણ જાયછે? Who goes? (હુ ગોઝ)
કોણ આવે છે? Who comes? (હુ કમ્ઝ?)
મારી પાછળ આવો. Follow me. (ફૅાલો મી)
તેની પાછળ જાઓ. Follow him (ફૅાલો હીમ)
તમે હમણાં જાઓ. You go now (યુ ગો નાઉ)
તમે એકદમ જાઓ. You go at once. (યુ ગો ઍટ વન્સ)

રૂપિઆ. Rupees. (રૂપિઝ)
ના. Do not. (ડુ નૅાટ)
કરવું, બનાવવું. Make (મેક)
જઇને જુઓ. Go and see. (ગો એન્ડ સી)
ચાલો આપણે લઇએ. Let us take. (લેટ અસ ટેક)
એજ ચોપડી. The same book (ધી સેમ બુક)
તે પત્ર. That letter (ધૅટ લૅટર)
ઘણું સારૂં. All right (ઑલ રાઇટ)
હું આપીશ I will give. (આઇ ઉવીલ ગીવ)
ખુશી સાથે. Willingly. (ઉવીલીંગલી)
હું બાહેર જાઉં. I go out. (આઇ ગો આઉટ)
હમણાં ના જાવો. Don't go now. (ડોન્ટ ગો નાઉ)
તમે આવો છો કે? Are you coming? (આર યુ કમીંગ?)
શું તમે આવો છો? Do you come? (ડુ યુ કમ?)
તે આવે છે કે? Does he come? (ડઝ હી કમ?)

મને જોઇએ છે. I want. (આઇ ઉવૉન્ટ)
થોડા પૈસા. Some money. (સમ મની)
કેટલા? How much? (હાઉ મચ)
બે રૂપિયા Two rupees (ટુ રૂપિઝ)
શા માટે? What for? (ઉવૉટ ફોર?)
ડગલા માટે. For a coat. (ફૅાર આ કોટ?)
આ લેવો. Take this. (ટેક ધિસ)

અભ્યાસપાઠ ૪ થો.

લીધું. Took. (ટુક)
ગયો. Went. (ઉવૅન્ટ)
પડી ગયો. Fell. (ફેલ)
હું પોતે. Myself. (માઇસેલ્ફ)
તે પોતે. Himself. (હીમસેલ્ફ)
અમે પોતે. Ourselves. (અવરસેલ્વઝ)
ખરાબ. Bad. (બૅડ)
સારો, સારી, સારૂં. Good. (ગુડ)
છોકરી. Girl. (ગર્લ)
કોણ બેસે છે? Who sits? (હુ સીટસ?)
કોણ કહે છે? Who says? (હુ સેઝ)
કોણને જોઇએ છે? Who wants? (હુ ઉવૉન્ટસ?)
કોણ આપે છે? Who gives? (હુ ગીવ્ઝ?)
કોણ લે છે? Who takes? (હુ ટેકસ?)
ઘર. House. (હાઉસ)
ઘોડો. Horse. (હૉર્સ)
વાંચવું. Read. (રીડ)
વાત કરે છે. Talks. (ટૉકસ)
પુછવું. Ask. (આસ્ક)
બોલાવવું. Call. (કૉલ)
હું વચન તોડું તેવો માણસ નથી. I am not the man to break a promise. [આઇ ઍમ નૉટ ધી મૅન ટુ બ્રેક આ પ્રૉમીસ]
ત્યારે મારે આશા રાખવી. I may hope then. [આઇ મે હોપ ધૅન]

અભ્યાસપાઠ ૫૮ મો.

આબરૂદાર. Respectable. [રીસ્પૅક્ટેબલ].
ઉછીના લીધા. Borrowed. [બૉરોડ]
ઉછીકું આપવું. Lend. [લૅન્ડ]
ઉછીકું આપ્યું Lent. [લૅન્ટ]
રકમ. Sum. [સમ]

તમે જાણો છો હું કોણ છું? Do you know who I am? [ડુ યુ નો હુ આઇ ઍમ?]
હું પૈસાદાર નહીં હોઇશ પણ આબરૂદાર તો છું. I may not be rich, but I am respectable. [આઈ મે નૉટ બી રીચ, બટ આઇ ઍમ રીસ્પેક્ટેબલ]
તમે મને પાંચ રૂપીઆ ઉછીકા આપશો? Will you lend me five rupees? [ઉવીલ યુ લૅન્ડ મી ફાઇવ રૂપીઝ?]
મારી પાસે નથી. I haven't got. [આઈ હૅવન્ટ ગૉટ]
મેં પંદર રૂપીઆ ઉછીકા લીધા. I borrowed fifteen 'rupees. [આઈ બૉરોડ ફીફ્ટીન રૂપીઝ]
હમણાંજ મેં એટલી રકમ તેને આપી છે. I have just now lent him that sum. [આઈ હૅવ જસ્ટ નાઉ લૅન્ટ હીમ ધૅટ સમ]
તે તમારી સાથે રહે છે? Does he stop with you? [ડઝ્હી સ્ટૉપ ઉવીથ યુ?]
હા, તે અમારી સાથે રહે છે. Yes he stops with us? [યસ, હી સ્ટૉપ્સ ઉવીથ અસ]
બી. કયાં રહે છે? Where does B. reside? [ઉવ્હેર ડઝ બી. રીસાઇડ?]
બી. ને કહો કે આવે. Tell B. to come. [ટેલ બી. ટુ કમ]

તે અહિયાં આવે છે. He is coming here. [હી ઇઝ કમીંગ હીયર]
તે કોણ છે? Who is he? [હુ ઇઝ હી?]
તેને શું જોઇએ છે? What does he want? [ઉવૉટ ડઝ હી વૉન્ટ?]
તે શા માટે આવ્યો છે? Why has he come? [વ્હાય હૅઝ હી કમ?]

અભ્યાસપાઠ ૫૯ મો.

એટલું મોડું. So late. [સો લેટ]
થોભ્યો. Stayed. [સ્ટેડ]
ક્યાંથી. Whence. [ઉવ્હૅન્સ]
આંકડો. Bill. [બિલ]
પૈસા આપવા. Pay. [પે]
આદીતવાર. Sunday. [સનડે]

તમને એટલું મોડું કેમ થયું? What made yo so late?
[ઉવૉટ મેડ યુ સો લેટ?]
તે ઘરમાં હતો નહી. He was not at home. [હી ઉવૉઝ નૉટ ઍટ હોમ]
હું ઘણો વાર થોભ્યો. I stayed very long. [આઇ સ્ટેડ વેરી લૉન્ગ.]
તમે તેને ક્યાં જોયો? Where did yo see him?
[ઉવ્હૅર ડિડ યુ સી હીમ?]
તે ક્યાંથી આવ્યો? Whence has he come? [ઉવ્હૅન્સ હૅઝ હી કમ?]
તેને પુછો તે શું કહેવા માંગે છે. Ask him what he wants to say.
[આસ્ક હીમ ઉવૉટ હી વૉન્ટસ ટુ સે]
તે એક આંકડો લાવ્યો છે. He has brought a bill.
[હી હૅઝ બ્રોટ આ બિલ]
તમે તમારા આંકડાના પૈસા આપશો? Will yo pay your bill.
[ઉવીલ યુ પે યૉર બિલ?]
મારે આ માણસને દશ રૂપીઆ આપવા છે. I have to pay this man ten rupees. [આઇ હૅવ ટુ પે ધીસ મૅન ટૅન રૂપીઝ]
તમે બાહેર ક્યારે જાઓ છો? When de yo go out?
[ઉવ્હૅન ડુ યુ ગો આઉટ?]

સવારે હું દશ વાગતે બહાર નિકળું છું. I stir out at ten in the morning. [આઇ સ્ટર આઉટ ઍટ ટૅન ઇન ધી મૉર્નિંગ]

આજે સાંજે મને મળજો. See me this evenig. [સી મી ધીસ ઇવનીંગ]

આજે સાંજે મારે ઘેર આવજો. Call at my house this evening. [કૉલ ઍટ માઇ હાઉસ ધીસ ઇવનીંગ]

તમારી મરજી હોય તો હું તમારે ઘરે આવું. If you like, I may call at your house. [ઇફ યુ લાઇક આઇ મે કૉલ ઍટ યૉર હાઉસ]

અભ્યાસપાઠ ૬૦ મો.

ઘર. Home. [હોમ]
ઘર. House. [હાઉસ]
ખચીત. Surely. [સ્યૉરલી]
ભુલવું. Fail [ફેલ]
માફક આવવું. Suit. [સુટ]
ઝડપમાં, જલદી. So fast. [સો ફાસ્ટ]
દોડતાં. Running. [રનીંગ]
ચુકવું. Miss. [મિસ]
આગગાડી. Train. [ટ્રેન]
પૈસા. Money. [મની]
આના. Annas. [ઍનાસ]
બદલવું. Change. [ચેન્જ]

તમારે આજે આવવું જોઇએ. You must come to-day. [યુ મસ્ટ કમ ટુ-ડે]

તમે મને ઘરમાં ક્યારે મળશો? When can you see me at home? [ઉવ્હૅન કેન યુ સી મી ઍટ હોમ?]

હંમેશાં સાંજનાં. Always in the evening. [ઑલઉવેઝ ઇન ધી ઇવનીંગ]

હું ખચીત આવીશ. I will surely come. [આઇ ઉવીલ સ્યૉરલી કમ]

ગઇ કાલે હું તમારે ઘેર ગયો હતો. I was at your house yesterday. [આઇ ઉવૉઝ ઍટ યૉર હાઉસ યસ્ટરડે]

કાલે મને મળજો. See me to-morrow. [સી મી ટુ-મૉરો]

કાલે આવવાને ભુલતા ના. Don't fail to come to-morrow. [ડોન્ટ ફેલ ટુ કમ ટુ-મૉરો]

સાંજનાં તમારાથી બનશે કે? Will the evening suit you? [ઉવીલ ધી ઇવનીંગ સુટ યુ?]

મારે સઘળો વખત સરખો છે. Any time will suit me. [ઍની ટાઇમ ઉવીલ સુટ મી]

હું તમને તમારા ઘરે મળીશ. I shall see you at your house. [આઇ શૅલ સી યુ ઍટ યૉર હાઉસ]

તમે એટલા ઝડપમાં ક્યાં જાઓ છો? Where are you going so fast? [ઉહ્હેર આર યુ ગોઇંગ સો ફાસ્ટ?]

તમે એટલા જલદી શું કરવા દોડો છો? Why are you running so fast? [ઉવ્હાય આર યુ રનીંગ સો ફાસ્ટ?]

હું આગગાડી ચુકીશ. I shall miss the train. [આઇ શૅલ મીસ ધી ટ્રેન]

ત્રામમાં જાઓ. Go by tram. [ગો બાઇ ટ્રામ]

મારી પાસે ત્રામના પૈસા નથી. I have no money for the tram fare. [આઇ હૅવ નો મની ફૉર ધી ટ્રામ ફેર]

આ બે આના લેઓ. Take these two annas. [ટેક ધીઝ ટુ ઍનાઝ]

ત્રામ ઉભી રાખો. Stop the train. [સ્ટૉપ ધી ટ્રામ]

તે પરેલ જાય છે. It is going to parel. [ઇટ ઇઝ ગોઇંગ ટુ પરેલ]

આપણને તે બદલવી પડશે. We shall have to change it. [ઉવી શૅલ હૅવ ટુ ચેન્જ ઇટ]

ના, તે પરબારી જશે. No, it will go direct. [નો, ઇટ ઉવીલ ગો ડીરેક્ટ]

અભ્યાસપાઠ ૬૧ મો.

રસ્તો. Road. (રોડ)
માર્ગ, રસ્તો. Way. (ઉવે)
સીધા. Straight. (સ્ટ્રેટ)
આગળ. On. (ઑન)
વળવું. Turn. (ટર્ન)
જમણું, ખરૂં. Right. (રાઇટ)
ડાબું. Left. (લૅફ્ટ)
દુર. Far. (ફાર)
જગ્યા. Place. (પ્લેસ)
આશરે. About. (અબાઉટ)
અરધો. Half. (હાફ)
માઇલ. Mile. (માઇલ)
વેચવું. Sell. (સૅલ)
બજાર. Market. (માર્કેટ)
તરફ. To. (ટુ)
જરા. Rather. (રાધર)
બંધ. Shut. (શટ)
બેવાર. Twice. (ટવાઇસ)
ખોટી થતાં. Waiting. (ઉવેટીંગ)
હમણાંજ. Just now. (જસ્ટ નાઉ)
થયો. Became. (બીકેમ)
ના પાડે છે. Denies. (ડીનાઇઝ)
બોલ્યો. Spoken. (સ્પોકન)
તરફેણ. Favour. (ફેવર)
ઇરાદો. Intend. (ઇનટૅન્ડ)
બાંધવું. Build. (બીલ્ડ)
માંગણી. Offer. (ઑફર)

હું દામોદરને મળવા જાઉં છું. I am going to see Damoder. (આઇ એમ ગોઇંગ ટુ સી દામોદર)

તમે તેઓનું ઘર જોયું છે? Have you seen his house? (હૅવ યુ સીન હીઝ હાઉસ?)

તમે મને કહેશો કે તે ક્યાં રહે છે? Will you tell me where he resides? (ઉવીલ યુ ટૅલ મી ઉવ્હેર હી રીસાઇડસ?)

શું આ કોલાબે જવાનો રસ્તો છે? Does this road lead to Colaba? (ડઝ ધિસ રોડ લીડ ટુ કોલાબા?)

આ તે રસ્તો નથી. This is not the way. (ધિસ ઇઝ નૉટ ધી ઉવે)

તમે માર્ગ ચુકી ગયા. You have missed the way. (યુ હૅવ મીસ્ડ ધી ઉવે)

સીધા આગળ જાઓ. Go straight on. (ગો સ્ટ્રેટ ઑન)
જમણા હાથ પર વળો. Turn to the right. (ટર્ન ટુ ધી રાઇટ)
ડાબા હાથ પર વળો. Turn to the left. (ટર્ન ટુ ધી લૅફ્ટ)
તે અહિંથી કેટલું દુર છે? How far is it from this place?
(હાઉ ફાર ઇઝ ઇટ ફ્રૅામ ધિસ પ્લેસ?)
આશરે અરધો માઇલ. About half a mile.(અબાઉટ હાફ આ માઇલ)
આ રસ્તેથી કયાં જવાય છે? Where does this road lead to?
(ઉવ્હેર ડઝ ધિસ રોડ લીડ ટુ?)
બજાર તરફ. To the market. (ટુ ધી માર્કેટ)
તમે રસ્તો ના ચુકતા. Don't miss the way. (ડોન્ટ મીસ ધી ઉવે)
તે જરા દુર છે. It is rather far. (ઇટ ઇઝ રાધર ફાર)
શું બારણું બંધ છે? Is the door shut? (ઇઝ ધી ડૅાર શટ?)
તેને હાંક મારો. Call him. (કૅાલ હીમ)
મેં તેને બે વખત હાંક મારી. I called him twice.
(આઇ કૅાલ્ડ હીમ ટવાઇસ)
હું તેની રાહ જોતો હતો. I was waiting for him.
(આઈ ઉવૅાઝ ઉવેટીંગ ફૅાર હીમ)
તે મને હમણાંજ મળ્યો. He met me just now.
(હી મૅટ મી જસ્ટ નાઉ)
તે કયાં ગયો હતો? Where had he been? (ઉવ્હૅર હૅડ હી બીન?)
તે બજારમાં ગયો હતો. He had gone to the market.
(હી હૅડ ગૅાન ટુ ધી માર્કેટ)
તે ઘણો ગુસ્સે થયો. He was very angry. (હી વૅાઝ વેરી ઍન્ગ્રી)
તે ના પાડે છે કે એમ મેં કહ્યું નથી. He denies having said so.
(હી ડીનાઇઝ હૅવીંગ સેડ સો)

તમે શું કહ્યું? What did you say? (ઉવૉટ ડિડ યુ સે?)
મે કાંઈ કહ્યું નહીં. I said nothing. (આઇ સેડ નથીંગ)
તે મારી સાથ ગુસ્સે છે. He is angry with me. (હી ઇઝ ઍન્ગ્રી ઉવીથ મી)
હું તમારી તરફેણમાં બોલ્યો છું. I have spoken in your favour. (આઇ હૅવ સ્પોકન ઇન યૅાર ફેવર)
તેઓએ શું કહ્યું છે? What have they said? (ઉવૉટ હૅવ ધે સેડ?)
તેઓએ કાંઇ કહ્યું નથી. They have said nothing. (ધે હૅવ સેડ નથીંગ)
દરેક જણ તે જાણે છે. Everyone knows that. (ઍવરી વન નોઝ ધૅટ)
તેને કહેવાને ભુલતા ના. Don't forget to tell him. (ડોન્ટ ફરગેટ ટુ ટૅલ હીમ)
મારો એક ઘર બાંધવાનો ઇરાદો છે. I intend to build a house. (આઈ ઇનટૅન્ડ ટુ બીલ્ડ આ હાઉસ)
હું મારો બંગળો વેચવા માંગું છું. I want to sell my bungalow. (આઇ વૉન્ટ ટુ સૅલ માઈ બંગલો.)
તમને કેટલા હજાર જોઇશે? How many thousand will you roquire for it? (હાઉ મેની થાઉઝન્ડસ ઉવીલ યુ રીક્વાયર ફૅાર ઇટ?)
આગળ મને એની દસ હજારની માંગણી થઇ છે. I have already been offered ten thousand for it. (આઇ હૅવ ઑલરેડી બીન ઑફ્ડ ટેન થાઉઝન્ડ ફૅાર ઇટ)
ઠીક છે, હું જોઇશ. All right, I shall see. (ઑલ રાઇટ, આઈ શૅલ સી)
વારૂં, સાહેબજી. Well, good bye. (ઉવૅલ ગુડ બાઇ)

મુલાકાતને લગતાં વાકયો.

ઠોકે છે. Knocks. (નૉકસ)
ગૃહસ્થ. Gentleman. (જેન્ટલમૅન)
એકલો. Alone. (અલોન)
સુખી. Happy. (હૅપી)
ખુશી. Glad. (ગ્લૅડ)
મળવું. Meet. (મીટ)
પછી. After. (આફ્ટર)
પણ. Also. (ઑલસો)
છોકરો, પોર્યો. Boy. (બૉય)
ખુરસી. Chair. (ચેર)
મેહેનત. Trouble. (ટ્રબલ)
બેઠક. Seat. (સીટ)
બાજુ. Side. (સાઇડ)
પસંદ કરવું. Prefer. (પ્રીફર)
ઉભા રહેવાને. To stand. (ટુ સ્ટૅન્ડ)
બધાં. Whole. (હોલ)
કુટુંબ. Family. (ફૅમીલી)
સારી પેઠે. Well. (ઉવૅલ)
કાકો. Uncle. (અંકલ)
દુવા. Kind wishes. (કાઇન્ડ ઉવીશીસ)
ધણીયાણી. Mrs. (મીસીસ)
પોતાનું ગુજરાણ ચલાવે છે. Gets her living. (ગૅટસ હર લીવીંગ)
સીવીને. By sewing. (બાઇ સોઇંગ)

સલામ. Compliments.
ભુલવું. Fail. (ફેલ)
ભોગવવું. Enjoy. (એનજૉય)
તબીએત. Health. (હૅલ્થ)
હવા, રૂતુ. Climate. (કલાઇમેટ)
શેહેર. Country. (કન્ટ્રી)
સહવી. Agree. (ઍગ્રી)
ખબર. News. (ન્યુસ)
એકે નહિ. None. (નન)
પ્યાલું. Cup. (કપ)
ચાહ. Tea. (ટી)
ગલાસ. Glass. (ગ્લાસ)
દારૂ. Wine. (ઉવાઇન)
હોટેલ. વીશી. Hotel. (હોટેલ)
રહેવું. Stay. (સ્ટે)
ઉતરવું. Put up. (પુટ અપ)
રહે છે. Reside. (રીઝાઇડ)
થોડાં. A few. (આ ફ્યુ)
ઠેકાણું. Address. (ઍડ્રેસ)
છુટા પડવું Part. (પાર્ટ)
ઉતાવળ. Hurry. (હરી)
ઘણું કામ Pressing business. (પ્રૅસીંગ બીઝનેસ)
ટુંકી. Short. (શૉર્ટ)
મુલાકાત. Visit. (વીઝીટ)

કુવા. Respects. (રીસ્પૅક્ટસ)
કોચમન. Coachman. (કોચમન)
હાંકવું. Drive. (ડ્રાઇવ)
આસ્તે. Slow. (સ્લો)
ભાડું. Hire. (હાયર)

પડ્યું. Agreed. (ઍગ્રીડ)
કબુલ કરવું. Accept. (ઍકસૅપ્ટ)
માંગવું. Demand. (ડીમાન્ડ)
પુરતું. Sufficient. (સફીશયન્ટ)

જુઓ, બારણું કોણ ઠોકે છે? See, who knocks the door? (સી, હુ નૉકસ ધી ડૉર?)

જુઓ, ત્યાં કોણ છે? See, who is there? (સી, હુ ઇઝ ધૅર?)

કોઇ ગ્રહસ્થ તમને મળવા માંગે છે. A gentleman wishes to see you. (એ જૅન્ટલમૅન ઉવીશીસ ટુ સી યુ)

તેને કહો કે અંદર આવે. Tell him to come in. (ટૅલ હીમ ટુ કમ ઇન)

હું એકલો છું. I am alone. (આઇ ઍમ અલોન)

ભલે આવ્યા, સાહેબ. Welcome, Sir. (ઉવૅલકમ, સર)

હું તમને મળવાથી ખુશી છું. I am glad to see you. (આઇ ઍમ ગ્લૅડ ટુ સી યુ)

હું તમને મળવાથી ઘણો ખુશી છુ. I am very glad to meet you. (આઇ ઍમ વેરી ગ્લૅડ ટુ મીટ યુ)

મેં તમને લાંબે વખતે જોયા. I saw you after a long time. (આઇ સૉ યુ આફટર આ લૉંગ ટાઇમ)

તમે કેમ છો? How are you? (હાઉ આર યુ?) / How do you do? (હાઉ ડુ યુ ડુ?)

સારી પેઠે. Very well. (વેરી ઉવેલ)

સારીપેઠે, સાહેબ. Quite well, Sir. (ક્વાઇટ ઉવૅલ, સર)

હું આશા રાખું છું જે તમે પણ સારી પેઠે હશો. I hope you also are well. (આઇ હોપ યુ ઑલસો આર ઉવેલ)

ઉપકાર થયો. Thank you. (થૅન્ક યુ)

હું તમને જોઇને ઘણો ખુશી છું. I am very glad to see you.
(આઇ ઍમ વેરી ગ્લૅડ ટુ સી યુ)

છોકરા, એક ખુરસી લાવ. Boy, bring a chair. (બૉય, બ્રીંગ આ ચેર)

આ ગ્રહસ્થને ખુરસી આપો. Give a chair to this gentleman.
(ગીવ આ ચેર ટુ ધિસ જેન્ટલમૅન)

તમે મેહેનત ના લેવો. Do not trouble yourself.
(ડુ નૉટ ટ્રબલ યૉરસૅલ્ફ)

ખુરસી લઇને બેસો. Take a chair and sit down.
(ટેક આ ચેર ઍન્ડ સીટ ડાઉન)

મહેરબાની કરીને ત્યાં બેસો. Please take your seat there.
(પ્લીઝ ટેક યૉર સીટ ધૅર)

મહેરબાની કરીને બેસો. Please, sit down. (પ્લીઝ સીટ ડાઉન)

મારી પાસે બેસો. Sit by my side. (સીટ બાઇ માઇ સાઇડ)

હું ઉભો રેહેવાનું પસંદ કરૂં છું. I prefer to stand.
(આઇ પ્રીફર ટુ સ્ટૅન્ડ)

ગઇ કાલે હું તમને મળવા આવ્યો હતો. I had come to see you yesterday. (આઇ હૅડ કમ ટુ સી યુ યસ્ટરડે)

તમે કયારે આવ્યા? When did you arrive? (ઉવ્હેન ડિડ યુ અરાઇવ?)

ગઇ કાલે સાંજનાં. Yesterday evening. (યસ્ટરડે ઇવનીંગ)

તમે એકલાજ આવ્યા કે? Have you come alone?
(હૅવ યુ કમ અલોન?)

તમે કોણની સાથે આવ્યા? With whom did you come?
(ઉવીથ હુમ ડિડ યુ કમ?)

હું મારાં કુટુંબ સાથે આવ્યો છું. I have come with my family.
(આઇ હૅવ કમ ઉવીથ માઇ ફૅમીલી

તમારૂં અહિંયા કેમ આવવું થયું? What has brought you here?
(ઉવૉટ હૅઝ બ્રૉટ યુ હીયર?)

ઘરમાં બધાં કેમ છે? How are they all at home?
(હાઉ આર ધે ઑલ ઍટ હોમ?)

તમારૂં કુટુંબ કેમ છે? How is your family? (હાઉ ઇઝ યૉર ફૅમીલી?)

બધાં સારી પેઠે છે. All are well. (ઑલ આર ઉવૅલ)

તમારા કાકા કેમ છે? How is your uncle? (હાઉ ઇઝ યૉર અંકલ?)

તે જેમ છે તેમજ છે. He is just the same. (હી ઇઝ જસ્ટ ધી સેમ)

હું તેવણને માટે દલગીર છું. I am sorry for him.
(આઈ ઍમ સૉરી ફૉર હીમ)

તેણીએ સલામ કહેવડાવી છે. She sends her kind complements.
(શી સૅન્ડઝ હર કાઇન્ડ કૉમપ્લીમૅન્ટસ.)

જૉનનાં ધણીયાણી કયાં છે? Where is Mrs. John?
(ઉવ્હેર ઇઝ મીસીસ જૉન?)

તેણી હમણાંજ બાહેર ગઈ છે. She has just gone out.
(શી હૅઝ જસ્ટ ગૉન આઉટ)

તેણી સીવીને પોતાનું ગુજરાણ ચલાવે છે. She earns her living by sewing. (શી અર્નસ હર લીવીંગ બાઈ સોઇંગ)

તેણીને મારી સલામ કહેજો. Give her my compliments.
(ગીવ હર માઇ કૉમપ્લીમૅન્ટસ)

તેણીને મારી દુવા કહેજો. Remember me to her.
(રીમૅમ્બર મી ટુ હર)

હું ભુલીશ નહીં. I shall not fail. (આઇ શૅલ નૉટ ફેલ)

તમે સારી તબીઅત ભોગવો છો? Do you enjoy good health?
(ડુ યુ ઍનજૉય ગુડ હેલ્થ?)

આ શહેરની હવા તમને સદે છે કે? Does the climate of this city agree with you? (ડઝ ધી કલાઇમેટ ઑફ ધિસ સીટી ઍગ્રી ઉવીથ યુ?)

મુંબઇની હવા મને સદતી નથી. The climate of Bombay does not agree with me. (ધી કલાઇમેટ ઑફ બૉમ્બે ડઝ નૉટ ઍગ્રી ઉવીથ મી)

બીજી શું ખબર? What other news? (ઉવૉટ અધર ન્યુઝ?)

કાંઇ જાણવાજોગ નથી. None worth mentioning. (નન ઉવર્થ મૅન્શનીંગ)

એક પ્યાલું ચાહ લેશો? Will you have a cup of tea? (ઉવીલ યુ હૅવ આ કપ ઑફ ટી?)

એક ગલાસ વાઇન પીશો. Will you have a glass of wine? (ઉવીલ યુ હૅવ આ ગ્લાસ ઑફ ઉવાઇન)

નહીં, માફ કરો. No, thank you. (નો, થૅન્ક યુ)

તમે કયાં હોટલમાં રહો છો? In which hotel do you stay? (ઇન ઉવીચ હોટૅલ ડુ યુ સ્ટે?)

તમે કયાં ઉતરેલા છો? Where have you put up? (ઉવ્હેર હૅવ યુ પુટ અપ?)

મારા મીત્રને ત્યાં. At my friends'. (ઍટ માઇ ફ્રૅન્ડઝ)

તમારો મીત્ર કયાં રહે છે? Where does your friend reside? (ઉવ્હેર ડઝ યૉર ફ્રૅન્ડ રીસાઇડ?)

થોડા દિવસ અમારે ત્યાં રહો. Stay a few days with us. (સ્ટે આ ફ્યુ ડેઝ ઉવીથ અસ)

તમે મને મી૰ બેરામજીનું ઠેકાણું આપશો? Will you give me address of Mr. Byramji? (વીલ યુ ગીવ મી ઍડ્રેસ ઑફ મી૰ બેરામજી?)

તમે મને કહી શકશો કે તે ક્યાં રહે છે? Can you tell me where he resides? (કૅન યુ ટેલ મી ઉવ્હેર હી રીસાઇડસ?)

મારી સાથે આવો, તમને ત્યાં લઇ જાઉં. Come with me, I will take you there. (કમ ઉવીથ મી, આઇ ઉવીલ ટેક યુ ધૅર)

માફ કરજો, હું પોતે જઇશ. Thank you, I will go myself. (થૅન્ક યુ, આઈ ઉવીલ ગો માઇસૅલ્ફ)

હવે મારે તમારેથી છુટા પડવું જોઇએ. I must part with you now. (આઇ મસ્ટ પાર્ટ વીથ યુ નાઉ)

તમે ઘણા ઉતાવળમાં છેઓ. You are in a great hurry. (યુ આર ઇન આ ગ્રેટ હરી)

મને કાંઇ અગત્યનું કામ છે. I have some pressing business. (આઈ હૅવ સમ પ્રેસીંગ બીઝનેસ)

પાંચ વાગતે મને રોકાણુ છે. I have an engagement at five o'clock. (આઇ હૅવ ઍન અન્ગેજમેન્ટ ઍટ ફાઇવ ઓ'કલૉક)

એક ગાડી મંગાવો. Please send for a carriage. (પ્લીઝ, સૅન્ડ ફૉર આ કૅરેજ)

તે તૈયાર છે. It is ready. (ઇટ ઇઝ રેડી)

આ ચીજો ગાડીમાં રાખો. Put these things in the carriage. (પુટ ધીઝ થીંગ્સ ઇન ધી કૅરેજ)

આ મુલાકાત માટે અમે તમારો ઉપકાર માનીએ છીએ. We thank you for this visit. (ઉવી થૅન્ક યુ ફૉર ધિસ વીઝિટ)

ઘરમાં બધાંને મારી સલામ કહેજો. Present my compliments to all at home. (પ્રીઝૅન્ટ માઇ કૉમપ્લીમૅન્ટસ ટુ ઑલ ઍટ હોમ)

તમારાં માતાને મારી દુવા કહેજો. Present my respects to your mother. (પ્રીઝૅન્ટ માઇ રીસ્પૅકટસ ટુ યૉર મધર)

તમારા પિતાને મારી ઘણી ઘણી સલામ કહેજો. Give my best compliments to your father. (ગીવ માઇ બૅસ્ટ કોમપ્લીમૅન્ટસ ટુ યૉર ફાધર.)

સાહેબજી, તમારી પોતાની સંભાળ લેજો. Good bye, take care of yourself. (ગુડ બાય, ટેક કૅર ઑફ યૅારસેલ્ફ)
કોચમેન, મને કોલાબે લઇ જા. Coachman, drive me to Colaba. (કોચમન, ડ્રાઇવિ મી ટુ કોલાબા.)
જલદી હાંક. Drive fast. (ડ્રાઇવ ફાસ્ટ)
આસ્તે હાંક. Drive slowly. (ડ્રાઇવ સ્લોલી.)
ગાડીમાંથી પેલી વસ્તુઓ લાવો. Bring out those things from the carriage. (બ્રીંગ આઉટ ધોઝ થીંગ્સ ફ્રૅામ ધી કૅરેજ)
તે ઉપર લઈ જાઓ. Take them up-stairs. (ટેક ધૅમ અપ-સ્ટેર્સ)
પેટી સભાળો. Take care of the trunk. (ટેક કૅર ઑફ ધી ટ્રંક)
ગાડીવાળાને ભાડું આપો. Pay the fare to the driver (પે ધી ફેર ટુ ધી ડ્રાઇવર)
તમે એને શું આપવાનું પઢયું છે? What have you arranged to pay him. (ઉવૉટ હૅવ યુ અરેનજડ ટુ પે હીમ.)
મેં તેને અરધો રૂપીઓ પઢયો છે. I have arranged to pay him eight annas. (આઈ હૅવ અરેનજડ ટુ પે હીમ એઇટ આનાસ)
તે નથી લેતો. He does not accept it. (હી ડઝ નૅાટ ઍકસૅપ્ટ ઇટ)
તે શું માગે છે? How much does he demand. (હાઉ મચ ડઝ હી ડીમાન્ડ?)
તે એક રૂપીઓ માગે છે. He demands a rupee. (હી ડીમાન્ડસ એ રૂપી)
નહીં, અરધો રૂપીઓ પુરતો છે. No, half a rupee is quite enough. (ના, હાફ આ રૂપી ઇઝ ક્વાઇટ ઇનફ.)
એક રૂપીઆનું પરચુટણ લાવો. Bring change for a rupee. (બ્રીંગ ચેન્જ ફોર આ રૂપી)
તેને દશ આના આપો. Pay him ten annas. (પે હીમ ટૅન ઍનઝ)
એને કહો કે જાએ. Tell him to go away. (ટેલ હીમ ટુ ગો અવે)

ખાવાપીવાને લગતાં વાક્યો.

પીવું. Drink. (ડ્રીંક)
તડ પડેલી છે. Is cracked. (ઇઝ ક્રૅક્ડ)
ચાની રકેબી. Saucer. (સૉસર)
ભાંગી. Broke. (બ્રોક)
પ્યાલું. Cup. (કપ)
જલ્લદ. Strong. (સ્ટ્રૉંગ)
વધારે નરમ. Weaker. (ઉવીકર)
દુધ. Milk. (મિલ્ક)
તાજું. Fresh. (ફ્રેશ)
ખરાબ. Poor. (પૂઅર)
ક્યારનું. Already. (ઑલરેડી)
પીધું. Drunk. (ડ્રન્ક)
માત્ર, ફક્ત. Only. (ઓન્લી)
મને આપો. Hand me. (હૅન્ડ મી)
ભેળેલી. Mixed. (મિક્સ્ડ)
સ્વાદવાળી. Palatable. (પૅલેટેબલ)
ખાંડ. Sugar. (શુગર)
રહી. Left. (લૅફ્ટ)
તૈયાર કરવું. Prepare. (પ્રીપેર)
વેહેલો. Earlier. (અર્લીઅર)
જોઇશે. Will have. (ઉવીલ હૅવ)
પાંઉં. Bread. (બ્રેડ)
માખણ. Butter. (બટર)
ઇંડાં. Eggs. (એગ્ઝ)
મલાઇ. Cream. (ક્રીમ)
જેલી. Jam. (જૅમ)
પનીર. Cheese. (ચીઝ)
ખાવાને. To eat. (ટૂ ઇટ)
લાવવું. Get. (ગૅટ)
ભુખ. Appetite. (ઍપીટાઇટ)
રાતનું ખાણું. Dinner. (ડીનર)
વખત થયો છે. It is time. (ઇટ ઇઝ ટાઇમ)
પાથરવું. Lay. (લે)
સાફ કરવું. To clean. (ટુ ક્લીન)
ટમબલર. Tumbler. (ટમ્બલર)
ભાંગી નાખ્યું. Broken. (બ્રોકન)
રકાબી. Plate. (પ્લેટ)
વચમાં. Middle. (મિડલ)
ચમચો. Spoon. (સ્પુન)
કાઢયું. Laid on. (લેડ ઑન)
બાટલી. Bottle. (બૉટલ)
કૉર્કસ્ક્રૂ. Cork-skrew. (કૉર્કસ્ક્રુ)
બુચ મારવો. To cork. (ટુ કૉર્ક)
"બીર" એક જાતનો દારૂ. Beer. (બીઅર)
"વ્હીસ્કી" એક જાતનો દારૂ. Whisky. (વ્હીસ્કી)
બરફ. Ice. (આઇસ)
સોડાવૉટર. Soda. (સોડા)
લૅમનેડ. Lemonade. (લૅમોનેડ)
કાતરી. Slice. (સ્લાઇસ)

ચાવલ. Rice. (રાઇસ)
કારી. Curry. (કરી)
તીખી. Pungent. (પન્જન્ટ)
મરઘી. Fowl. (ફાઉલ)
માંસ. Meat. (મીટ)
તરકારી. Vegetables. (વૅજીટેબલ્સ)
શોખીન. Fond. (ફૉન્ડ)
મીઠાઇ. Sweetmeats. (સ્વીટમીટસ)
જાત. Kind. (કાઇન્ડ)
માછલી. Fish (ફીશ)
સરકો. Vinegar. (વિનેગર)
અચાર. Pickles. (પિકલસ)
રાઇ. Mustard. (મસ્ટર્ડ)
બીસકીટ. Biscuits. (બીસ્કીટસ)
કઠણ. Hard. (હાર્ડ)
કેક. Cakes. (કેકસ)
પુડિંગ. Pudding. (પુડીંગ)
ખાવું. Partake. (પારટેક)
મેવો. Fruit. (ફ્રુટ)
કાપવું. Cut. (કટ)
કેરી. Mangoe. (મૅન્ગો)
કાચી. Unripe. (અન રાઇપ)
પાકી. Ripe. (રાઇપ)
જાત. Sort (સૉર્ટ)
મીઠી. Sweet. (સ્વીટ)
નારંગી. Orange. (ઑરેન્જ)
ખાટી. Sour. (સાવર)

બીલકુલ. At all. (ઍટ ઑલ)
ચાખવાને, To taste. (ટુ ટેસ્ટ)
છોલવું. To peel. (પીલ)
કેળું. Plantain. (પ્લૅનટેન)
સપરચંદ. Apples. (ઍપલ્સ)
પાણી. Water. (વૉટર)
માટલું. Earthen pot. (અર્થન પૉટ)
પીવાનું. Drinking. (ડ્રીન્કીંગ)
નામવું. Pour. (પોર)
બસ કરો. That will do. (ધૅટ ઉવીલ ડુ)
ભરવું. Fill. (ફિલ)
કુંજો. Jug. (જગ)
ખાધું. Eaten. (ઇટન)
પુરતું. Satisfied. (સૅટીસફાઇડ)
પાનસુપારી. Beetle-leaves and nuts. (બીટલ-લીવ્ઝ ઍન્ડ નટસ)
તપકીરની દાબડી. Snuff-box. (સ્નફ-બોકસ)
ચમટી. Pinch. (પીન્ચ)
રાતનું ખાણું. Supper. (સપર)
જમ્યા. (રાતનું) Supped. (સપ્ડ)
જમવા જવું. (રાતનું) To sup. (ટૂ સપ)
આશા રાખવી. Hope. (હોપ)
માફ કરવું. Excuse. (ઍકસક્યુઝ)
રોકાયલો. Engaged. (ઍનગેજડ)
બનવું. To be able. (ટુ બી એબલ)

તમે તમારી ચાહ પીધી કે? Have you had your tea?
(હૅવ યુ હૅડ યૉર ટી?)
હું ચાહ નથી પીતો. I do not drink tea (આઈ ડુ નૉટ ડ્રીંક ટી)
ચાહ તૈયાર છે કે? Is the tea ready? (ઇઝ ધી ટી રેડી?)
તે એક પળમાં તૈયાર થશે. It will be ready in a minute.
(ઇટ ઉવીલ બી રૅડી ઇન એ મીનીટ)
મારે માટે થોડી ચાહ બનાવો. Make some tea for me.
(મેક સમ ટી ફૉર મી)
તેને માટે એક પ્યાલું ચાહ કરો. Make a cup of tea for him.
(મેક આ કપ ઑફ ટી ફૉર હીમ)
પેલાં પ્યાલાંને તડ પડેલી છે. That cup is cracked.
(ધૅટ કપ ઇઝ ક્રૅકડ)
આ પ્યાલાંની રકેબી કયાં છે? Where is the saucer with this cup? (ઉવ્હેર ઇઝ ધી સૉસર વીથ ધિસ કપ?)
આ પ્યાલાંની રકાબી કોણે ભાગી? Who broke the saucer for this cup? (હુ બ્રોક ધી સૉસર ફૉર ધિસ કપ?)
આ ચાહ ઘણી જલ્લદ છે, જરાક નરમ કરો. This tea is very strong; will you make it a little weak. (ધિસ ટી ઇઝ વૅરી સ્ટ્રૉંગ, વીલ યુ મેક ઇટ આ લીટલ ઉવીક?)
તમે નાસ્તાની વખતે કાફી પીશો? Will you have coffee at breakfast? (ઉવીલ યુ હૅવ કૉફી ઍટ બ્રેકફાસ્ટ?)
નહી, હું ચાહ પીવશ. No, I will take tea. (નો, આઈ ઉવીલ ટેક ટી)
તમે થોડું દુધ લેશો? Will you have some milk?
(ઉવીલ યુ હૅવ સમ મીલ્ક?)
મે કયારનું થોડું પીધું છે. I have already taken some.
(આઇ હૅવ ઑલરેડી ટેકન સમ)
આ દુધ સારૂં નથી. This milk is not good.
(ધિસ મિલ્ક ઇઝ નૉટ ગુડ)
આ દુધ તાજું છે કે? Is this milk fresh? (ઇઝ ધિસ મિલ્ક ફ્રૅશ?)

આ દુધ ઘણું હલકું છે. This milk is very poor.
(ધિસ મીલ્ક ઇઝ વૅરી પૂઅર)

તમે એક પ્યાલું ચાહ અથવા કાફી લેશો? Will you have a cup tea or coffee? (ઉવીલ યુ હૅવ એ કપ ઑફ ટી ઑર કૉફી?)

ફકત અધું પ્યાલું. Half a cup only. (હાફ એ કપ ઓન્લી)

પેલું પ્યાલું રકાબી આપો. Hand me that cup and saucer.
(હૅન્ડ મી ધૅટ કપ ઍન્ડ સૉસર)

મને દુધની કાફી ગમે છે. I like coffee with milk.
(આઇ લાઇક કૉફી ઉવીથ મિલ્ક)

દુધ વગરની કાફી સ્વાદ લાગતી નથી. Coffee without milk is not palatable. (કૉફી ઉવીધાઉટ મિલ્ક ઇઝ નૉટ પૅલેટેબલ)

મને બીજી ખાંડ આપો. Give me some more sugar.
(ગીવ મી સમ મૉર શુગર)

ખાંડ હવે બાકી રહી નથી. There is no more sugar left.
(ધૅર ઇઝ નો મોર શુગર લેફ્ટ)

આપણે નાસ્તો કયારે કરશું? When shall we breakfast?
(ઉવ્હેન શૅલ ઉવી બ્રેકફાસ્ટ?)

નાસ્તો તૈયાર કરો. Prepare the breakfast. (પ્રીપેર ધી બ્રેકફાસ્ટ)

આજે મને નાસ્તો વહેલો જોઇએ છે. I want my breakfast early this morning. (આઇ ઉવૉન્ટ માઇ બ્રેકફાસ્ટ અર્લી ધિસ મૉર્નીન્ગ)

નાસ્તો હજી તૈયાર કેમ નથી? Why is not the breakfast ready yet? (વ્હાય ઇઝ નૉટ ધી બ્રેકરફાસ્ટ રેડી યટ?)

નાસ્તાને માટે તમને શું જોઇએ છે? What will you have for breakfast? (ઉવૉટ ઉવીલ યુ હૅવ ફૅાર બ્રેકફાસ્ટ?)

પાંઉ, માખણુ, ઇંડા અને કાફી. Bread, butter, eggs and coffee.
(બ્રેડ, બટર, એગ્ઝ ઍન્ડ કૉફી)

તમે થોડી મલાઈ લેશો? Will you have some cream?
(ઉવીલ યુ હૅવ સમ ક્રીમ?)

નહીં હું જેલી લઇશ. No, I will have some jam.
(નો, આઈ ઉવીલ હૅવ સમ જામ)

મને થોડું માખણ તથા પનીર આપશો? Will you give me some cheese and butter? (વીલ યુ ગીવ મી સમ ચીઝ ઍન્ડ બટર?)

મને કાંઈ ખાવાનું આપો. Give me something to eat.
(ગીવ મી સમથીંગ ટુ ઇટ)

તમે શું માંગો છો? What do you wish? (ઉવૉટ ડુ યુ ઉવીશ?)

તમારે માટે (ખાવાનું) શું લાવું? What can I bring you?
(ઉવૉટ કૅન આઈ બ્રીન્ગ યુ?)

તમારી પાસે જે તૈયાર હોય તે. Anythiug you may have at hand.
(ઍનીથીંગ યુ મે હૅવ ઍટ હૅન્ડ)

મને ભુખ સારી લાગે છે. I have a good appetite.
(આઈ હૅવ આ ગુડ ઍપીટાઇટ)

મહેરબાની કરી ખાણું તઇયાર કરો. Please get the dinner ready.
(પ્લીઝ ગૅટ્ ધી ડીનર રૅડી)

બબરચીને પુછશો કે ખાણું તઇયાર છે. Will you ask the cook if the dinner is ready. (વીલ યુ આસ્ક ધી કુક ઇફ ધી ડીનર ઇઝ રૅડી)

ખાણું ક્યારે તઇયાર થશે? When will the dinner be ready?
(ઉવ્હૅન ઉવીલ ધી ડીનર બી રૅડી?)

જલદી તઇયાર કરો. Get it ready soon. (ગૅટ ઇટ રૅડી સુન.)

હું બહુ ભુખ્યો છું. I am very hungry. (આઇ ઍમ વેરી હંગ્રી)

તમે ભુખ્યા છો? Are you hungry? (આર યુ હંગ્રી?)

તમે ક્યારે જમ્યા? When did you dine? (ઉન્હૅન ડિડ યુ ડાઇન?)
તમે કેટલે વાગતે જમો છો? At what hour do you dine?
(ઍટ ઉવૉટ અવર યુ ડાઇન?)
જમવાનો વખત થયો. It is time for dinner.
(ઇટ ઇઝ ટાઇમ ફૉર ડીનર)
ટેબલ ઉપર કપડું પાંથરો. Lay the cloth on the table.
(લે ધી કલોથ ઑન ધી ટેબલ)
આ ટમ્બલર સાફ કરો. Clean this tumbler. (કલીન ધિસ ટમ્બલર)
તેણે ટમ્બલર ભાંગી નાખ્યું? He has broken the tumbler.
(હી હૅઝ બ્રોકન ધી ટમ્બલર)
તેણે કયું ટમ્બલર ભાંગી નાખ્યું? Which tumbler has he broken?
(ઉવીચ ટમ્બલર હૅઝ હી બ્રોકન?)
બીજું ગલાસ લાવો Bring another glass. (બ્રીંગ અનધર ગ્લાસ)
પેલી રકાબી સાફ કરો. Clean the plate. (કલીન ધી પ્લેટ)
એક સાફ રકાબી લાવો. Bring a clean plate. (બ્રીંગ આ કલીન પ્લેટ)
આ વચમાં મુકો. Put this in the middle. (પુટ ધિસ ઇન ધી મીડલ)
પેલો ચમચો અહીં લાવો. Bring that spoon here.
(બ્રીંગ ધૅટ સ્પુન હીયર)
જો ખાણું તૈયાર હોય તો લાવો. Please bring the dinner, if ready. (પ્લીઝ બ્રીન્ગ ધી ડીનર, ઇફ રૅડી)
ખાણું કાઢ્યું છે. The dinner is laid on the table.
(ધી ડીનર ઇઝ લેડ ઑન ધી ટેબલ)
આ બાટલી ઉઘાડો. Open this bottle. (ઓપન ધીસ બૉટલ)
કૉર્કસ્ક્રુ ક્યાં છે? Where is the cork-screw?
(ઉન્હૅર ઇઝ ધી કૉર્ક-સ્ક્રુ?)
બાટલીને બુચ મારો. Cork the bottle. (કૉર્ક ધી બોટલ)

તમને ડચ બીર ગમે છે? Do you like Dutch beer?
(ડુ યુ લાઇક ડચ બીઅર)

આ બીર ઉત્તમ છે. This beer is excellent.
(ધિસ બીઅર ઇઝ ઍકસલન્ટ)

તમે એક ગલાસ બીર લેશો? Will you take a glass of beer?
(ઉવીલ યુ ટેક આ ગલાસ ઑફ બીઅર?)

નહી, મને વીસકી ગમે છે. No, I like whisky.
(નો, આઇ લાઇક વ્હીસકી)

મને પેલો વાઇન આપો. Give me that wine. (ગીવ મી ધૅટ ઉવાઇન)

તે મારે માટે પુરતો છે. It is sufficient for me.
(ઇટ ઇઝ સફિશિઅન્ટ ફૉર મી)

તમારાં માતા પાસે દારૂ નથી Your mother has no wine.
(યૉર મધર હૅઝ નો ઉવાઇન)

મારાં માતા કદી દારૂ પીતાં નથી. My mother never drinks any.
(માઇ મધર નૅવર ડ્રીંકસ ઍની)

તે તેણીને માટે પુરતો થશે It will be sufficient for her.
(ઇટ ઉવીલ બી સફીશીઅન્ટ ફૉર હર)

થોડું બરફ મંગાવો. Send for some ice. (સૅન્ડ ફૉર સમ આઇસ)

તમને શું વધારે ગમે છે, સોડા કે લૅમનેડ? What do you prefer, soda or lemonade? (ઉવૅાટ ડુ યુ પ્રીફર, સોડા ઑર લૅમનેડ?)

મને લૅમોનેડ ગમે છે. I like lemonade. (આઇ લાઇક લૅમનેડ)

જરા બીજો વધારે લેશો? Will you take some more?
(ઉવીલ યુ ટેક સમ મૉર?)

મને પાંઉની એક કાતરી આપશો? Will you give me a slice of bread? (વીલ યુ ગીવ મી આ સ્લાઇસ ઑફ બ્રેડ?)

આ પાંઉ ઘણું સારૂં છે. This bread is very good.
(ધીસ બ્રેડ ઇઝ વૅરી ગુડ)

મને બીજા ચાવલ આપશો. Will you give me some more rice.
(વીલ યુ ગીવ મી સમ મૉર રાઇસ)

આ કારી તીખી છે. This curry is pungent.
(ધીસ કરી ઇઝ પનજન્ટ)

હું માંસનો શોખીન નથી. I am not fond of meat.
(આઈ ઍમ નૉટ ફૉન્ડ ઑફ મીટ)

હું ભાજી તરકારીનો શોખીન છું. I am fond of vegetables.
(આઇ ઍમ ફૉન્ડ ઑફ વૅજીટેબલ્સ)

તે મીઠાઇનો શોખીન છે. He is fond of sweetmeats.
(હી ઇઝ ફૉન્ડ ઑફ સ્વીટમીટસ)

આ કઇ જાતની માછલી છે? What kind of fish is this?
(ઉવૉટ કાઇન્ડ ઑફ ફિશ ઇઝ ધિસ)

તમને સરકો જોઇએ છે? Do you want vinegar?
(ડુ યુ ઉવૉન્ટ વિનેગર?)

નહીં, મને થોડું અચાર આપો. No, give me some pickles.
(નો, ગીવ મી સમ પીકલસ.)

આ રાઈ સારી છે કે? Is this mustard good?
(ઇઝ ધીસ મસ્ટર્ડ ગૂડ?)

આ બીસકોટ ઘણી કઠણ છે. Those biscuits are very hard.
(ધીઝ બિસકીટસ આર વૅરી હાર્ડ)

આ કેક સારાં નથી. These cakes are not good.
(ધીઝ કેકસ આર નૉટ ગૂડ)

બાઇ, તમને આ પુડીંગ ગમે છે? Madam, do you like this pudding? (મેડમ, ડુ યુ લાઇક ધિસ પુડીંગ?)

તમે આ પનીર કેમ નહીં ખાતા? Why do you not partake of this cheese? (વ્હાય ડુ યુ નૉટ પારટેક ઑફ ધિસ ચીઝ?)

હું કદી પનીર ખાતો નથી. I never eat cheese. (આઇ નૅવર ઇટ ચીઝ)

સુરતી પનીર ઘણું સારૂં થાય છે. Surat cheese is very good. (સુરત ચીઝ ઇઝ વૅરી ગુડ)

તમને મેવો ગમે છે? Do you like dry fruits. (ડુ યુ લાઇક ડ્રાઇ ફ્રુટસ)

હા, મને તે ઘણો ગમે છે. Yes, I like it very much. (યસ, આઇ લાઇક ઇટ વૅરી મચ)

આ કેરી કાપો. Cut this mangoe. (કટ ધીસ મૅન્ગો)

આ કેરી ઘણી સારી છે. This mangoe is very good. (ધિસ મૅન્ગો ઇઝ વૅરી ગુડ)

તે કાચી છે. It is unripe. (ઇટ ઇઝ અનરાઇપ)

નહીં, તે પાકી છે. No, it is ripe. (નો, ઈટ ઇઝ રાઇપ)

આ કઇ જાતની કેરી છે? What sort of mangoe is this? (હ્વૉટ સૉર્ટ ઑફ મૅન્ગો ઇઝ ધિસ?)

એ ઘણી મીઠી છે. It is very sweet. (ઇટ ઇઝ વૅરી સ્વીટ)

એ નારંગી ખાટી છે. This orange is sour. (ધિસ ઑરેન્જ ઇઝ સાવર)

મને એ ફળ બીલકુલ ગમતું નથી. I don't like that fruit at all. (આઇ ડોન્ટ લાઇક ધૅટ ફ્રુટ ઍટ ઑલ)

મને તેમાંથી થોડી આપશો? Will you give me some of it? (ગીવ મી સમ ઑફ ઇટ?)

આ કેળું છોલો. Peel this plantain. (પીલ ધીસ પ્લૅનટેન)

મને સફરચંદ ગમે છે. I like apples. (આઇ લાઇક ઍપલ્સ)

હું બહુ તરસ્યો છું. I am very thirsty. (આઇ ઍમ વૅરી થર્સ્ટી)
મને થોડું પાણી આપો. Give me some water.
(ગીવ મી સમ ઉવૅાટર)
આ માટલામાં પાણી નથી. There is no water in this pot.
(ધૅર ઇઝ નો ઉવૅાટર ઇન ધિસ પૅાટ)
પીવાનું પાણી અહિંયાં છે. Here is some drinking water.
(હીયર ઇઝ સમ ડ્રીંકીંગ ઉવૅાટર)
મેહેરબાની કરીને થોડું પાણી લાવો. Go and get some water, please.
(ગો ઍન્ડ ગૅટ સમ ઉવૅાટર, પ્લીઝ)
ટમ્બલરમાં થોડું પાણી નાખો. Pour some water in the tumbler.
(પોર સમ ઉવૅાટર ઇન ધી ટમ્બલર)
બસ કરો. That will do. (ધૅટ ઉવીલ ડુ)
આ કુંજામાં પાણી ભરો. Fill this jug with water.
(ફિલ ધિસ જગ ઉવીથ ઉવૅાટર)
તમે જમતા નથી. You are not eating. (યુ આર નૅાટ ઇટીંગ)
મેં પુરતું લીધું છે. I have taken enough. (આઇ હૅવ ટેકન ઇનફ)
હવે મારૂં પેટ ભરાઇ ગયું છે. I am quite satisfied now.
(આઇ ઍમ કવાઇટ સૅટીસફાઇડ નાઉ)
મને પાનસોપારી આપો. Give me same beetle-leaves and nuts.
(ગીવ મી સમ બીટલ-લીવ્ઝ ઍન્ડ નટસ)
તપકીરની દાબડી કયાં છે? Where is the snuff box ?
(ઉવ્હૅર ઇઝ ધી સ્નફ બૅાકસ ?)
તમે તપકીર સુંઘો છો? Do you take snuft ? (ડુ યુ ટેક સ્નફ?)
મને એક ચપટી આપશો? Will you give me a pinch.
(વીલ યુ ગીવ મી આ પીન્ચ ?)
છોકરા, બધી વસ્તુઓ લઇ જા. Boy, take away all the things.
(બૅાય, ટેક અઉવે ઑાલ ધી થીંગસ)

તેણે ઘણો દારૂ પીધો છે. He his drunk. (હી ઇઝ ડ્રંક.)

તે જમે છે. (રાતનું) He takes his supper. (હી ટેક્સ હીઝ સપર)

તમે જમ્યા કે? (રાતનું) Have you supped? (હૅવ યુ સપ્ડ?)

હું જમવા જાઉં છું. (રાતનું) I am going to sup.
(આઇ ઍમ ગોઇંગ ટુ સપ)

તે ચાહ પીએ છે. He drinks tea. (હી ડ્રીંક્સ ટી)

હું આશા રાખું છું, કે આજે તમે અમારી સાથે જમશો.
I hope, you will dine with us to-day.
(આઈ હોપ, યુ ઉવીલ ડાઇન ઉવીથ અસ ટુ-ડે)

આજે તમે મને માફ કરો. You must excuse me to-day.
(યુ મસ્ટ ઍક્ષક્યુસ મી ટુ-ડે)

હું રોકાયલો છું. I am engaged. (આઇ ઍમ ઍનગેજડ)

મારાથી આવવાને બનશે નહીં. I will not be able to come.
(આઇ ઉવીલ નૉટ બી એબલ ટુ કમ)

આજે રાતે હું બહાર જમવા જવાનો છું. I am dining out to-night.
(આઇ ઍમ ડાઇનીંગ આઉટ ટુ-નાઇટ.)

શું તમારા શેઠ જમી રહયા? Has your master finished his dinner? (હૅઝ યૉર માસ્ટર ફિનિસ્ડ હીઝ ડીનર?)

રીફ્રૅશમેન્ટ તથા હોટલમાં ખાવા પીવા જવાને લગતાં વાકયો.

ખોરાક. Refreshment. (રીફ્રેશમૅન્ટ)

બીજું. Else. (એલ્સ)

ટીપ List. (લીસ્ટ)

ચાલો. Come along. (કમ અલૅાંગ)

મંગાવીએ. Order out. (ઑારડર આઉટ)

આઇસક્રીમ Ice-cream. (આઇસક્રીમ)

ગોલાબનું શરબત. Rose syrup. (રોઝ સીરપ)

ઠંડુ પીવાનું. Cold-drink. (કોલ્ડ-ડ્રીન્ક)

"ચંપીન" (એક જાતનો દારૂ) Champagne. (શૅમપેન)

થોડું A little. (એ લીટલ)

કીમત બેસવી. Charge. (ચાર્જ)

ખાધા સાથે Including food. (ઇનકલુડીંગ ફુડ)

બાહેર. Out-side. (આઉટ-સાઇડ)

ઇંગ્રેજી મીઠાઈ. Pastry. (પેસ્ટ્રી)

આંકડાની રકમ. Amount. (અમાઉન્ટ)

ચાલો આપણે કાંઈ ખાઇએ ? Let us have some refreshment. (લેટ અસ હૅવ સમ રિફ્રેશમૅન્ટ)

હા, ચાલો, હું તૈયાર છું. Yes, come along, I am ready. (યસ, કમ અલૅાન્ગ, આઇ ઍમ રેડી)

આપણે શું મંગાવીએ? What shall we order out ? (ઉવૅાટ શૅલ ઉવી ઑારડર આઉટ?)

તમને શું ગમે છે? What do you like ? (ઉવૅાટ ડુ યુ લાઇક?)

મને થોડું આઇસક્રીમ ગમે છે. I like some **Ice-cream.** (આઇ લાઇક સમ આઇસક્રીમ)

તમો પીવાનું શું લેશો? What will you have for drink ? (ઉવૅાટ ઉવીલ યુ હૅવ ફૅાર ડ્રીંક?)

મેહરબાની કરી મારે માટે કાંઇ મંગાવતા ના. Please order nothing for me (પ્લીઝ ઑારડર નથીંગ ફૅાર મી)

તમે ગોલાબનું શરબત પીશો? Will you drink rose-syrup ? (ઉવીલ યુ ડ્રીંક રોઝ સીરપ?)

હું આઇસક્રીમ વધુ પસંદ કરીશ. I will prefer **ice-cream.** (આઈ વીલ પ્રીફર આઇસક્રીમ.)

હા, મોટી ખુશીથી. Yes, very willingly. (યસ, વૅરી ઉવીલીંગલી)

બીજી રકાબી લાવવા કહો. Order out another plate. (ઑર્ડર આઉટ અનધર પ્લેટ)

તમે બીજું કાંઇ લેશો? Will you take anything else? (વીલ યુ ટેક ઍનીથીંગ ઍલ્સ?)

નહીં, માફ કરજો. No, thank you. (નો, થૅન્ક યુ)

હું તેને તમારા પૈસા આપીશ. I will pay him for you. (આઇ વીલ પે હીમ ફૅાર યુ)

મેં તેને પૈસા આપ્યા છે. I have paid him. (આઇ હૅવ પેડ હીમ)

તમારી પાસે તૈયાર શું છે? What have you ready? (ઉવૅાટ હૅવ યુ રેડી?)

મારી પાસે ખાણુંની ટીપ લાવો. Bring me the 'Bill of fare.' (બ્રીંગ મી ધી બીલ ઑફ ફૅર)

અમારે માટે એક એક બાટલી ચંપીન બે ગલાસ, અને થોડું આઇસ લાવો. Bring us a bottle of champagne, two glasses, and some ice. (બ્રીંગ અસ એ બૅાટલ ઑફ શૅમપેન, ટુ ગ્લાસીસ, ઍન્ડ સમ આઇસ.)

તમારી પાસે નાસ્તાનું શું છે? What have you for breakfast? (ઉવૅાટ હૅવ યુ ફૅાર બ્રેકફાસ્ટ?)

તમારી પાસે બીજું શું છે. What else have you. (ઉવૅાટ ઍલ્સ હૅવ યુ)

તે મારે માટે લાવો. Bring it for me. (બ્રીંગ ઇટ ફૅાર મી)

તમે આ ટીપ પાછી લાવજો. Bring this list back. (બ્રીંગ ધિસ લીસ્ટ બૅક)

અમને થોડી મીઠાઇ આપો. Give us some pastry. (ગીવ અસ સમ પેસ્ટ્રી)

તમારા આંકડાની રકમ કેટલી છે ? What is the amount of your bill. (ઉવૉટ ઇઝ ધી અમાઉન્ટ ઑફ યૉર બિલ ?)

તમારો આંકડો લાવો, હું તમને પૈસા આપું. Bring your bill and I will pay you. (બ્રીંગ યૉર બિલ ઍન્ડ આઈ ઉવીલ પે યુ)

આ તમારો આંકડો છે, સાહેબ. This is your bill, Sir. (ધિસ ઇઝ યૉર બિલ, સર)

ખાધા સાથે કે ? Does it include food ? (ડઝ ઇટ ઇનકલુડ ફુડ ?)

જુદી જુદી જાતનાં વેચાણ તથા ખરીદીને લગતાં વાકયો.

દુકાન. Shop. (શૉપ)
ખરીદવું. Buy. (બાઇ)
જોડી. Pair. (પેર)
બુટ. Boots. (બૂટ્સ)
કદ. Size. (સાઇઝ)
નંબર. Number. (નંબર)
પગ. Foot. (ફુટ)
ઘણાં. Too. (ટૂ)
નાનાં. Small. (સ્મૉલ)
ડોળ. Shape. (શેપ)
કદાચ. Perhaps. (પરહૅપ્સ)
પસંદ પડવું. Please. (પ્લીઝ)
ડંખે છે. Pinches. (પીન્ચીસ)
ઇજા કરે છે. Hurts. (હર્ટસ)
બરાબર. Exactly. (ઍકઝૅકટલી)
બન્ને. Both. (બોથ)
માલ. Goods. (ગૂડ્ઝ)
મોઘું. Dear. (ડીયર)
વાજબી. Fair. (ફૅર)
કીંમત. Price. (પ્રાઇસ)
કીંમત જેટલું. Worth. (ઉવર્થ)
પટો. Belt. (બૅલ્ટ)
વટાવવું. Change. (ચેન્જ)
વેચવું. Sell. (સૅલ)
કમી કરવું. Deduct. (ડીડકટ)
વટાવ. Discount. (ડિસકાઉન્ટ)
નમુનો. Sample. (સૅમપલ)
રતલ. Pound. (પાઉન્ડ)
બાર. Dozen. (ડઝન)
વીંટાળવું. Roll. (રોલ)
બાંધવું. Wrap. (રૅપ)

બંધ કરવું. Close. (ક્લોઝ)
હાથનાં મોજાં. Gloves. (ગ્લવ્ઝ)
રંગ Colour. (કલર)
પીળાં. Yellow. (યલ્લો.)
શોભીતો. Beautiful. (બ્યુટીફુલ)
લાલ. Red. (રેડ)
ફીકકું પડયું. Fade. (ફેડ)
પોકકો. Fast. (ફાસ્ટ)
પસંદ કરવું. Choose. (ચુઝ)
કાળું. Black. (બ્લૅક)
ભાવ. Price. (પ્રાઇસ)
જેમ. Just. (જસ્ટ)
પૈસા આપવા. Payment. (પેમેન્ટ)
ચીઠ્ઠી. Note. (નોટ)
ખચીત. By all means. (બાઇ ઑલ મીન્સ)
સહી. Ink. (ઇન્ક)
લખવાની ટેબલ. Desk. (ડૅસ્ક)

તેને શું જોઇએ છે? What does he want? (ઉવૉટ ડઝ હી ઉવૉન્ટ?)
જુઓ, પેલા માણસને શું જોઇએ છે. See, what that man wants. (સી, ઉવૉટ ધૅટ મૅન ઉવૉન્ટસ)
તમે તેને જવાબ આપી શકશો? Can you answer him? (કૅન યુ ઍનસર હીમ?)
તમને શું જોઇએ છે, સાહેબ? What do you want, Sir? (ઉવૉટ ડુ યુ ઉવૉન્ટ, સર?)
આ કોણુની દુકાન છે? Whose shop is this? (હુઝ શૉપ ઇઝ ધિસ?)
તમારા શેઠ કયાં છે? Where is your master? (ઉવ્હૅર ઇઝ યૉર માસ્ટર?)
તમે શું ખરીદવા માંગો છો? What do you wish to buy? (ઉવૉટ ડુ યુ ઉવીશ ટુ બાઇ?)
મને એક બુટની જોડી જોઇએ છે. I want a pair of boots. (આઇ ઉવૉન્ટ આ પૅર ઑફ બુટસ)
કોણુને માટે? For whom? (ફૉર હુમ?)
મારે પોતાને માટે. For myself. (ફૉર માઇસૅલ્ફ)
કેટલાં મોટા? Of what size? (ઑફ ઉવૉટ સાઇઝ?)

તમે નંબર જાણો છો? Do you know the number?
(ડુ યુ નો ધી નંબર?)

મને જોવા દો. Let me see. (લેટ મી સી)

હું ધારૂં છું કે આ તમને આવશે. This will fit you I suppose.
(ધિસ ઉવીલ ફિટ યુ આઇ સપોઝ)

એ તો ઘણાં ન્હાના છે. They are too small. (ધે આર ટુ સ્મૉલ)

તમે આ જોડી તપાસશો? Will you try on this pair?
(ઉવીલ યુ ટ્રાઈ ઑન ધિસ પૅર?)

નહીં, એનું ઘાટ સારૂં નથી. No, its shape is not good.
(નો, ઇટસ શેપ ઇઝ નૉટ ગુડ)

કદાચ આ જોડી તમને પસંદ આવશે. Perhaps you will like this pair. (પરહૅપ્સ યુ ઉવીલ લાઇક ધીસ પૅર)

એ મને ડંખે છે. It pinches me. (ઇટ પીનચીસ મી)

એ મને ઇજા કરે છે. It hurts me. (ઇટ હર્ટસ મી)

આ જોડી તપાસો. Try this pair. (ટ્રાઈ ધિસ પૅર)

એ જરા મને મોટાં પડે છે. They are a little big for me.
(ધે આર આ લીટલ બીગ ફૉર મી)

તમારી પાસે બીજાં છે કે? Have you another? (હૅવ યુ અનધર?)

આ એક બીજી જોડી છે. Here is another pair.
(હીઅર ઇઝ અનધર પૅર)

એ તમને ડંખશે નહીં. It won't pinch. (ઇટ વોન્ટ પીન્ચ)

આ જોડી મને બરાબર આવે છે. This pair fits me exactly.
(ધિસ પૅર ફિટસ મી ઍકઝૅકટલી)

આ પેરીસનાં બનાવેલાં છે? Are these made in Paris?
(આર ધીઝ મેડ ઇન પૅરીસ?)

મને બીજાં થોડાં દેખાડો. Show me some more.
(શો મી સમ મૉર)

હું આ બન્ને જોડી લઇશ. I will buy both these pairs.
(આઇ ઉવીલ બાઇ બોથ ધીઝ પૅર્સ)

આ જોડીનુ શું ? How much for this pair? (હાઉ મચ ફૉર ધિસ પૅર ?)

પાંચ રૂપીઆ, આઠ આના. Five rupees, eight annas.
(ફાઇવ રૂપીઝ, એઇટ ઍનાઝ)

તમે ઘણું માંગો છો ? You ask too much ? (યુ આસ્ક ટુ મચ)

હું એટલું આપીશ નહીં. I won't give you so much.
(આઇ ઉવોન્ટ ગીવ યુ સો મચ)

તમારો માલ ઘણો મોઘો છે. Your stuff is very dear.
(યૉર સ્ટફ ઇઝ વૅરી ડીયર)

એ વાજબી કીંમત છે. That is a fair price. (ધૅટ ઇઝ આ ફૅર પ્રાઇસ)

તમે એનું શું આપશો ? What will you pay for it ?
(ઉવૉટ ઉવીલ યુ પે ફૉર ઇટ)

હું તમને ચાર રૂપીઆ આપીશ. I shall give you four rupees.
(આઇ શૅલ ગીવ યુ ફોર રૂપીઝ)

હું પાંચ રૂપીઆ લઇશ. I will take five rupees.
(આઇ ઉવીલ ટેક ફાઇવ રૂપીઝ)

તેની શું કીંમત છે ? How much is that worth ?
(હાઉ મચ ઇઝ ધૅટ ઉવર્થ ?)

તેની ઘણી કીમત નથી. That is not worth much.
(ધૅટ ઇઝ નૉટ ઉવર્થ મચ)

મને એક પટો જોઇએ છે. I want a belt. (આઈ ઉવૉન્ટ આ બેલ્ટ)

અમે પટા નથી વેચતા. We do not sell belts. (ઉવી ડુ નૉટ સેલ બૅલ્ટસ)

અમે તે નથી રાખતા. We do not stock them.
(ઉવી ડુ નૉટ સ્ટૉક ધેમ)

મારે તમને શું આપવું છે? How much have I to pay you?
(હાઉ મચ હૅવ આઇ ટુ પે યુ?)

મને એક રૂપીઆનું છુટું જોઇએ છે. I want change for a rupee.
(આઈ ઉવૉન્ટ ચેન્જ ફૅાર આ રૂપી)

આ રૂપીઆનો ખુરદો લાવો. Bring change for this rupee.
(બ્રીંગ ચેન્જ ફૅાર ધિસ રૂપિ)

તે વટાવ લેશે. He will deduct some discount.
(હી ઉવીલ ડીડક્ટ સમ ડિસકાઉન્ટ)

તમારી પાસે સારી ચાહ છે? Have you got some good tea?
(હૅવ યુ ગૅાટ સમ ગુડ ટી?)

મહેરબાની કરી મને નમુનો દેખાડો. Please show me a sample.
(પ્લીઝ શો મી આ સૅમ્પલ)

આ કાંઇ સારો નમુનો નથી. This is not a good sample.
(ધિસ ઇઝ નૉટ આ ગુડ સૅમ્પલ)

કેમ રતલ? How much per pound? (હાઉ મચ પર પાઉન્ડ?)

એક રૂપીએ રતલ. One rupee per pound. (વન રૂપી પર પાઉન્ડ)

તમને કેટલી જોઇએ છે? How much do you require?
(હાઉ મચ ડુ યુ રીક્વાયર?)

મને અરધો રતલ આપો. Give me half a pound.
(ગીવ મી હાફ આ પાઉંડ)

આ કેમ ડઝન? How much for a dozen of these?
(હાઉ મચ ફૅાર આ ડઝન ઑાફ ધીઝ?)

ત્રણ રૂપીએ ડઝન. Three rupees per dozen. (થ્રી રૂપિઝ પર ડઝન)

મને પા ડજન આપો. Give me a quarter dozen.
(ગીવ મી આ ક્વાર્ટર ડઝન)

આ કાગળમાં બાંધો. Roll these up in paper.
(રાલ ધીઝ અપ ઇન પેપર)

તમને બીજું કાંઇ જોઇએ છે? Do you require anything else?
(ડુ યુ રીકવાયર ઍનીથીંગ એલ્સ?)

નહીં, મહેરબાની થઈ. No, Thanks. (નો, થૅન્કસ)

તમે આ વસ્તુઓ કાગળમાં બાંધશો? Will you wrap up these in paper? (ઉવીલ યુ રૅપ અપ ધીઝ ઇન પેપર?)

તમે તમારી દુકાન ક્યારે બંધ કરો છો? When do you close your shop? (વ્હૅન ડુ યુ કલોઝ યૅાર શૅાપ?)

તમે તમારી દુકાન ક્યારે ઉઘાડો છો? When do you open your shop? (વ્હૅન ડુ યુ ઓપન યૅાર શૅાપ?)

તમે મને થોડાં હાથનાં મોજાં દેખાડશો? Will you show me some gloves? (ઉવીલ યુ શો મી સમ ગ્લવ્ઝ?)

કેવા રંગના? What colour? (ઉવૅાટ કલર?)

પીળાં. Yellow. (યલો)

આ રંગ શોભીતો છે. This is a beautiful colour.
(ધિસ ઇઝ આ બ્યુટીફુલ કલર)

તે કયો રંગ છે? What colour is that? (ઉવૅાટ કલર ઇઝ થૅટ?)

તે લાલ છે. It is red. (ઇટ ઇઝ રૅડ)

આ રંગ જલદી ફીકકો પડી જશે. This colour will soon fade.
(ધિસ કલર ઉવીલ સુન ફેડ)

આ રંગ પાકકો છે? Is this colour fast? (ઇઝ ધિસ કલર ફાસ્ટ?)

તમે કયાં મોજાં પસંદ કરો છો? Which gloves do you choose?
(ઉવીચ ગ્લવ્ઝ ડુ યુ ચૂઝ?)

હું સફેદ વધુ પસંદ કરીશ. I will prefer white.
(આઇ ઉવીલ પ્રીફર વ્હાઇટ.)

કયા ભાવના? Of what price? (ઑફ ઉવૉટ પ્રાઇસ?)

કોઇબી ભાવ. Any price. (ઍની પ્રાઇસ)

આ જોડીની શી કીંમત છે? What is the price for this pair?
(ઉવૉટ ઇઝ ધી પ્રાઇસ ફૉર ધિસ પેર?)

હું અરધો દજન લઇશ. I will buy half a dozen.
(આઇ ઉવીલ બાઇ હાફ આ દઝન)

હું તમને હમણા પૈસા આપું કે? Shall I pay you now?
(શૅલ આઇ પે યુ નાઉ?)

જેમ તમારી મરજી. Just as you please. (જસ્ટ ઍઝ યુ પ્લીઝ)

હું તમને પાછો ફરતાં પૈસા આપીશ. I will pay you on my return.
(આઇ ઉવીલ પે યુ ઑન માઇ રીટર્ન)

હું તમને કાલે પૈસા આપીશ I will pay you to-morrow.
(આઇ ઉવીલ પે યુ ટુ-મૉરો)

તમે પૈસા માટે થોભશો કે? Will you wait for payment?
(ઉવીલ યુ ઉવેટ ફૉર પેમેન્ટ)

સર્વ ચીજોનું બીલ કરજો. Make out a bill of all the articles.
(મેક આઉટ આ બિલ ઑફ ઑલ ધી આર્ટીકલ્સ)

હું તમારી દુકાનમાં એક ચીઠી લખું. May I write a note in your shop? (મે આઇ રાઇટ આ નોટ ઇન યૉર શૉપ?)

જરૂરજ, આ કલમ અને સાહી છે. By all means, here is pen and ink. (બાઇ ઑલ મીન્સ, હીયર ઇઝ પૅન ઍન્ડ ઇન્ક)

તમે આ તેબલપર બેસો. You may sit at this desk.
(યુ મે સિટ ઍટ ધિસ ડેસ્ક)

ચોકઠું, ફ્રેમ. Frame. (ફ્રેમ)
પસંદ કરવું. Like. (લાઇક)
છબી. Picture. (પીકચર)
કીંમત. Cost. (કૅાસ્ટ)
આ જાતની. This kind. (ધિસ કાઇન્ડ)

તમો મારે માટે આ છબીની ફ્રેમ કરશો? Can you frame this picture for me? (કૅન યુ ફ્રેમ ધિસ પીકચર ફૅાર મી?)

તમને કઇ ઢબની ફ્રેમ જોઇએ છે? What kind of frame would you like? (ઉવૅાટ કાઇન્ડ ઑાફ ફ્રેમ ઉવુડ યુ લાઇક?)

મને આ ઢબની પસંદ છે. I like this kind. (આઇ લાઇક ધિસ કાઇન્ડ)

તે બનાવવાની કેટલી કીંમત પડશે? What will it cost? (ઉવૅાટ ઉવીલ ઇટ કૅાસ્ટ?)

તે કયારે તૈયાર થશે? When will it be ready? (વ્હૅન ઉવીલ ઇટ બી રૅડી?)

તમને તે ત્રણ ચાર દીવસમાં મળશે. You shall have it in three or four days. (યુ શૅલ હૅવ ઇટ ઇનિ થ્રી આર ફોર ડેઝ)

મને તે કાલે સાંજનાં જોઇએ છે. I want it to-morrow evening. (આઇ ઉવૅાન્ટ ઇટ ટુ-મૅારો ઇવનીંગ)

તે કાલે સાંજના તૈયાર થશે. It will be ready by to-morrow evening. (ઇટ ઉવીલ બી રૅડી બાઇ ટુ-મૅારો ઇવનીંગ)

ઠીક છે; હું તે લેવા મોકલીશ. Very well; I will send for it. (વૅરી ઉવૅલ; આઇ ઉવીલ સૅન્ડ ફૅાર ઇટ)

ખરીદવું. Purchase. (પરચેઝ)
હીરો. Diamond. (ડાયમન્ડ)
વીંટી. Ring. (રીંગ)
લગ્ન. Wedding. (વૅડીંગ)
બીલીઆન જડેલી. Set with brilliants. (સૅટ ઉવીથ બ્રીલ્યન્ટસ)
ચોખ્ખાં પાણીનાં, તેજદાર. Of purest water. (ઑાફ પ્યુરેસ્ટ વૅાટર)

રજા આપવી. Permit. (પરમીટ)	ઉત્તમ સોનું. Finest gold. (ફાઇનૅસ્ટ ગોલ્ડ)
બરાબર, બેસ્તું. Fit. (ફિટ)	ખાતરી. Warrant. (ઉવૅારન્ટ)
બાકસ. Case. (કેસ)	છાપ. Stamp. (સ્ટૅમ્પ)
સસતી Cheaper. (ચીપર)	

મને એક હીરાની વીટી ખરીદવી છે. I want to purchase a diamond ring. (આઇ ઉવૅાન્ટ ટુ પરચેઝ આ ડાયમન્ડ રીંગ)

તમારી પાસે લગનની વીટીઓ છે કે? Have you got any wedding rings? (હૅવ યુ ગૅાટ ઍની ઉવૅડીંગ રીંગ્સ?)

આ (વીંટી) હીરા જડીત છે કે? Is this set with brilliants? (ઇઝ ધિસ સૅટ વીથ બ્રીલયન્ટસ?)

હા, તે ચોખાં પાણીના છે. Yes, they are of the purest water. (યસ, ધે આર ઑાફ ધી પ્યુરૅસ્ટ વૅાટર)

મને તે પેહડી જોવાની રજા આપો. Allow me to try it on. (અલવ મી ટુ ટ્રાઇ ઇટ ઑાન)

આ મને બરોબર આવતી નથી. This does not fit me. (ધિસ ડઝ નૅાટ ફિટ મી)

તે વીંટી મારે માટે છે. That ring is for me. (ધૅટ રીંગ ઇઝ ફૅાર મી)

આ બાકસમાંની સર્વે વીંટીઓ સસતી છે. All the rings in this case are cheaper. (ઑાલ ધી રીંગ્સ ઇન ધિસ કેસ આર ચીપર)

તે નક્કર સોનાની છે. They are of the finest gold. (ધે આર ઑાફ ધી ફાઇનૅસ્ટ ગોલ્ડ)

તમે સોનાની ખાતરી આપશો? Will you warrant it to be real gold? (ઉવીલ યુ ઉવૅારન્ટ ઇટ ટુ બી રીયલ ગોલ્ડ?)

હા સાહેબ, તમે છાપ જુઓ. Yes sir, you may see the stamp. (યસ સર, યુ મે સી ધી સ્ટૅમ્પ)

સમરાવ્યું. Repaired. (રીપૅર્ડ)
સાફ કરવાનું Cleaning. (ક્લીનીંગ)
ઘણું આગળ. Too fast. (ટુ ફાસ્ટ)
બરાબર ચાલતું નથી. Does not work well. (ડઝ નૉટ વર્ક ઉવેલ)
સમારવાનું Repairing. (રીપેરીંગ)
જામીનગીરી. Guarantee. (ગૅરન્ટી.)
કાચ. Glass. (ગ્લાસ)
ખરીદવું. Purchase. (પરચેઝ)
બરાબર. Proper. (પ્રૉપર)
બદલી. Exchange. (ઍક્સચેન્જ)
બધી કીંમત. Full value. (ફુલ વૅલ્યુ)
આપી શકવું. Afford. (ઍફૉર્ડ)
સોનું. Gold. (ગોલ્ડ)
છેડો. Chain. (ચેન)

તમે ઘડિયાળી છો? Are you a watch-maker? (આર યુ આ ઉવૉચ–મેકર?)
હું મારું ઘડિયાળ સમરાવવા માગું છું. I wish to get my watch repaired. (આઇ ઉવીશ ટુ ગૅટ માઇ ઉવૉચ રીપેર્ડ)
આ ઘડિયાળ સાફ કરવાનું છે. This watch requires cleaning. (ધીસ ઉવૉચ રીક્વાયર્સ ક્લીનીંગ)
તમારી મરજી હોય તો દેખાડો. Let me see if you please. (લેટ મી સી ઇફ યુ પ્લીઝ)
એ ઘણું આગળ જાય છે. It goes too fast. [ઇટ ગોઝ ટૂ ફાસ્ટ]
તે બરાબર ચાલતું નથી. It does not work well. (ઇટ ડઝ નૉટ વર્ક ઉવેલ)
એને શું થયું છે? What is the matter with it? (ઉવૉટ ઇઝ ધી મૅટર ઉવીથ ઇટ?)
કાંઇક ભાગેલું છે. There is something broken. (ધૅર ઇઝ સમથીંગ બ્રોકન)
તેને સમારવાનું તમે શું લેશો What will you charge for repairing it? (વૉટ ઉવીલ યુ ચાર્જ ફૉર રીપેરીંગ ઇટ?)

તમે મને જામીનગીરી આપશો? Will you give me a guarantee. (ઉવીલ યુ ગીવ મી આ ગૅરન્ટી?)

હા, હું આપીશ. Yes, I will. (યસ, આઇ ઉવીલ)

હું તમારે ત્યાં મુકી જાઉં છું. I leave it with you. (આઇ લીવ ઇટ ઉવીથ યુ)

મને તે જલદી જોઇએ છે. I want it soon. (આઇ ઉવૉન્ટ ઇટ સુન)

તે કાલે તૈયાર થશે. It will be ready to-morrow. (ઉટ ઉવીલ બી રૅડી ટુ-મોરો)

મારા ઘડિઆળ માટે કાચ જોઇએ છે. I require a glass for my watch. (આઇ રીકવાયર આ ગ્લાસ ફૉર માઇ વૉચ.)

તમે હમણાં કાચ મુકી શકશો? Can you fix a glass on now? (કૅન યુ ફીક્ષ આ ગ્લાસ ઑન નાઉ?)

હા, પાંચ મીનીટમાં. Yes, within five minutes. (યસ, વીધીન ફાઇવ મીનીટસ)

મારે એક સોનાનું ઘડિઆળ ખરીદવાની મરજી થાય છે. I should like to purchase a gold watch. (આઇ શુડ લાઇક ટુ પરચેઝ આ ગોલ્ડ ઉવૉચ)

હું તમને થોડાં દેખાડીશ. I will show you a few. (આઇ ઉવીલ શો યુ આ ફ્યુ)

વખત બરોબર આપશે કે? Will this keep proper time? (ઉવીલ ધિસ કીપ પ્રૉપર ટાઇમ)

તમે મારૂં (ઘડીયાલ) બદલીમાં લેશો? Will you take mine in exchange? (ઉવીલ યુ ટેક માઇન ઇન ઍક્સચેન્જ)

હા, હું તમને તેની બધી કીંમત મજરે આપીશ. Yes, I will allow you its full value. (યસ, આઇ ઉવીલ અલવ યુ ઇટસ ફુલ વૅલ્યુ)

તમે તેનું શું મજરે આપશો? How much will you allow for it? (હાઉ મચ ઉવીલ યુ અલવ ફૉર ઇટ?)

તે પુરતા નથી. That is not sufficient. (ધૅટ ઇઝ નૉટ સફિશિઅન્ટ)

હું વધારે આપી શકતો નથી. I cannot afford to give more.
(આઇ કૅનનૉટ ઍફોર્ડ ટુ ગીવ મૉર)

મને એક સોનાનો છેડો જોઇએ છે. I want a gold chain.
(આઇ ઉવૉન્ટ આ ગોલ્ડ ચેન)

આ કાંઇ ઘણો મજબુત નથી. This is not strong enough.
(ધિસ ઇઝ નૉટ સ્ટ્રૅાગ ઇનફ)

એના કરતાં બીજો સારો બતાવો. Show me a better one.
(શો મી આ બૅટર વન)

છોકરાં. Children. (ચીલ્ડ્રન)	તાકો. Piece. (પીસ)
ગરમ Woolen. (ઉલન)	લંબાઇ. Length. (લૅન્થ)
જુદા જુદા. Different. (ડીફરન્ટ)	આશરે. About. (અબાઉટ)
સસ્તું, હલકું. Cheap. (ચીપ)	વાર. Yards. (યાર્ડઝ)
ભાવ. Price. (પ્રાઇસ)	ઘણુંજ સસ્તું. Too cheap. (ટુ ચીપ)
એક માંહેલાં. Alike. (અલાઇક)	ભરવું, માપવું. Measure. (મેઝર)
વણાટ. Texture. (ટેકસચર)	કપડું, Cloth. (કલૅાથ)
ખળવાળું. Sized. (સાઇઝડ)	એકજ ભાવ. Fixed rate. (ફિકસ્ડ રેટ)
ઉંચી. Superior. (સુપિરીઅર)	હિસાબ. Account. (અકાઉન્ટ)
જાત. Quality. (ક્વૅાલિટી)	
પણો, પહોલાઇ. Breadth. (બ્રેડથ)	

હું મારાં છોકરાંઓ માટે કાપડ ખરીદ કરવા માંગું છું. I wish to buy some cloth for my children. (આઇ ઉવીશ ટુ બાઇ સમ કલૅાથ ફૅાર માઈ ચીલ્ડ્રન)

હું થોડું ગરમ કપડું ખરીદવા માંગું છું. I wish to buy some woollen cloth. (આઇ ઉવીશ ટુ બાઇ સમ ઉલન ક્લૉથ)

તમે મને થોડું દેખાડશો? Will you show me some? (ઉવીલ યુ શો મી સમ?)

તમને આ કપડું ગમે છે? Do you like this cloth? (ડુ યુ લાઇક ધિસ ક્લૉથ?)

નહીં, મને જુદા જુદા રંગનું દેખાડો. No, show me of various colours. (નો, શો મી ઑફ વેરીયસ કલરસ)

મને સસ્તું જોઇએ છે, મોઘું નહીં. I want cheap, not very dear. (આઇ ઉવૉન્ટ ચીપ, નૉટ વૅરી ડીયર)

અમારી પાસે બધા ભાવનું છે. We have of all prices. (ઉવી હૅવ ઑફ ઑલ પ્રાઇસીસ)

તમને કયો રંગ વધુ ગમે છે? What colour do you prefer? (ઉવૉટ કલર ડુ યુ પ્રીફર)

મને કાળો રંગ ગમે છે. I like black colour. (આઇ લાઇક બ્લૅક કલર)

આ બે તાકા છે. Here are two pieces. (હીયર આર ટુ પીસીસ)

આ બન્ને એક માંહેલા છે. These two are alike. (ધીઝ ટુ આર અલાઇક)

આ કપડાંનો કુમાશ બહુ બારીક છે. The texture of this cloth is very fine. (ધી ટેકસચર ઑફ ધિસ ક્લૉથ ઇઝ વૅરી ફાઇન)

આ કપડામાં ઘણોજ ખલ છે. This cloth is very much sized. (ધિસ ક્લૉથ ઇઝ વેરી મચ સાઇઝડ)

આ ઉંચી જાતનું છે. This is of a superior quality. (ધિસ ઇઝ ઑફ આ સુપીરીયર કવૉલિટી)

આ તાકાનો પણો શું છે? What is the breadth of this piece?
(ઉવૉટ ઇઝ ધી બ્રૅડથ ઑાફ ધિસ પીસ?)
એ કેટલું લાંબું છે? What is the length of this?
(ઉવૉટ ઇઝ ધી લૅન્થ ઑાફ ધિસ?)
આશરે વીસ વાર. About twenty yards. (અબાઉટ ટ્વૅન્ટી યાર્ડ્સ)
એક વારનું શું? What's the price per yard?
(ઉવૉટસ ધી પ્રાઇસ પર યાર્ડ?)
ત્રણ રૂપીએ વાર. Three rupees a yard. (થ્રી રૂપીઝ આ યાર્ડ)
તમે આ ખરીદશો? Will you buy this? (ઉવીલ યુ બાઈ ધિસ?)
મને એ નથી જોઇતું. I don't want it. (આઇ ડોન્ટ ઉવૉન્ટ ઇટ)
એ ઘણું મોઘું છે. It is too dear. (ઇટ ઇઝ ટુ ડીઅર)
મને જરા સસ્તું જોઇએ છે. I want a little cheaper.
(આઇ ઉવૉન્ટ આ લીટલ ચીપર)
આ ઘણું સસ્તું છે. It is very cheap. (ઇટ ઇઝ વેરી ચીપ)
કયું સારૂં છે, આ કે પેલું? Which is better, this or that?
(ઉવીચ ઇઝ બૅટર, ધિસ ઑાર ધૅટ?)
બન્ને એક સરખાં છે. Both are equally good. (બોથ આર ઇકવલી ગુડ)
પેલા તાકામાંથી ચાર વાર ભરો. Measure out four yards from that piece. (મેઝર આઉટ ફોર યાર્ડ્સ ફ્રૉમ ધૅટ પીસ)
તમને પેલું કપડું નથી જોઇતું કે? Do you not want that cloth?
(ડુ યુ નૉટ ઉવૉન્ટ ધૅટ કલોથ?)
મને તે ઘણું મોંઘું લાગે છે. I think it is very dear.
(આઇ થીંક ઇટ ઇઝ વૅરી ડીયર)
અમારો ભાવ એકજ છે. Our prices are fixed.
(અવર પ્રાઇસીસ આર ફિક્સ્ડ)

મને જણાવો કે તમને શું ચુકવવું છે. Let me know what I have to pay you. (લૅટ મી નો ઉવૉટ આઇ હૅવ ટુ પે યુ)

આ તમારો હિસાબ છે, સાહેબ. Here is your account, Sir. (હીયર ઇઝ યૅાર ઍકાઉન્ટ, સર)

માપ. Measurement. (મેઝરમેન્ટ)
ડગલો. Coat. (કોટ)
બંધ બેસ્તો. Fit. (ફીટ)
બનાવતાં Making. (મેકીંગ)
હાલની. Present. (પ્રેઝન્ટ)
ફેશન. Fashion. (ફૅશન)
બાંહે. Sleeves. (સ્લીવ્ઝ)
બરાબર. Exactly. (ઍકઝૅકટલી)
પોહલી. Wide. (ઉવાઇડ)
નાઉમેદ કરવું. Disappoint. (ડીસઍપૅાઇન્ટ)
ભરોશો રાખવો. Depend. (ડીપેન્ડ)
બુધવાર. Wednesday. (ઉવૅડનસડે)
કે, અથવા નહીં. Whether. (ઉવ્હૅધર)
આરશી. Looking glass. (લુકીંગ ગ્લાસ.)

